**આજનો સુવિચાર**

કોઈ ગમે તેટલું સમજાવે પણ વ્યક્તિ તેની સમજ પ્રમાણે સમજે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૩૦૮ જૂનાગઢ તા.૧૫-૧૨-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 308, Junagadh : Date : 15 December, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# ડુંગળીની નિકાસ બંધ કરાતા ભાવમાં કડાકો : ખેડૂતો વિફર્યા : આત્મવિલોપનની ચિમકી : ઉગ્ર વિરોધ



ગોંડલ તા.૧૫

લાલ ડુંગળી પકવતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે.

ગોંડલ માર્કેટયાર્ડમાં સતત બીજા દિવસે ડુંગળીના ભાવ મુદ્દે ખેડૂતોએ પ્રચંડ વિરોધ કર્યો છે. યાર્ડમાં સતત બીજા દિવસે ખેડૂતોએ ડુંગળીની હરાજી બંધ કરાવી છે. ડુંગળીની નિકાસબંધીને કારણે ખેડૂતોને ભાવ નહી મળતા એક ખેડૂતે આત્મવિલોપનની ચીમકી આપી છે. બપોર સુધી માર્કેટયાર્ડના સત્તાધીશો ખેડૂતોને વ્યથા સાંભળવા નહીં આવે તો ધોરાજીથી આવેલા ખેડૂતે આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી છે.

ગઈકાલે ગોંડલમાં ખેડૂતોએ ડુંગળીની નિકાશબંધીના મુદ્દે નેશનલ હાઈવે બંધ કરીને ચક્કાજામ કરી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. ત્યારે આજે સતત બીજા દિવસે ગોંડલ માર્કેટયાર્ડમાં ખેડૂતોએ ડુંગળીની હરાજી બંધ કરાવી હતી. ખેડૂતો હાઈવે પર ચક્કાજામ ન કરે તેને લઈને નેશનલ હાઈવે નજીક આવેલા ગોંડલ યાર્ડની બહાર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ત્યારે ઉગ્ર બનેલા આ વિરોધ પ્રદર્શનમાં ધોરાજીથી આવેલા એક ખેડૂતે ૧૨ વાગ્યે આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી છે. સરકારે ડુંગળીની નિકાસ બંધ કરતા એક જ દિવસમાં ભાવમાં કડાકો થયો છે. ડુંગળીની નિકાસ બંધ થતા અનેક દિવસ બજારમાં હરાજી બંધ રહી હતી. હવે જ્યારે ડુંગળીની હરાજી ફરી શરૂ થઈ તો ભાવ ગગડી ગયા છે. ડુંગળીના ભાવ રાતોરાત ગગડી જતા ખેડૂતોએ સરકાર સામે રોષ વ્યક્ત કર્યો હતો.

ખેડૂતોના આંદોલનને લઈને નેશનલ હાઈવેની નજીક આવેલ માર્કેટયાર્ડની બહાર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ગઈકાલે પણ ખેડૂતોએ પોતાને ડુંગળી રસ્તા ઉપર ફેંકીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. હાઈવે પર ચક્કાજામ કરી સરકાર વિરુદ્ધ નારાબાજી કરી હતી. આજે પણ હાઈવે પર ચક્કાજામ ના કરે તેને લઈને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ગઈકાલના રોજ માર્કેટયાર્ડમાં ૫૫,૦૦૦ ડુંગળીના કટ્ટાની આવક થઈ હતી. ડુંગળીની મોટી આવક વચ્ચે કોઈ ખરીદાર ન મળતા ખેડૂતો રોષે ભરાયા હતા. માર્કેટયાર્ડના મેઈન ગેઈટ આગળ ડુંગળી ફેંકી ખેડૂતોએ ગેઈટ બંધ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

## શેરબજાર ઓલટાઈમ હાઈ : સેન્સેક્સ ૭૦૯૩૦

મુંબઈ તા.૧૫

શેરબજાર આજે એટલે કે શુક્રવાર (૧૫ ડિસેમ્બર) ફરી ઓલટાઈમ હાઈ પર પહોંચી ગયું છે.

ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સે ૭૦૯૩૦ની સર્વકાલીન ઊંચી સપાટી બનાવી હતી. તે જ સમયે, નિફ્ટીમાં ૬૦ પોઈન્ટનો ઉછાળો જોવા મળી રહ્યો છે, તે ૨૧,૨૪૪ ની આસપાસ કારોબાર કરી રહ્યો છે. ગઈકાલે નિફ્ટીએ ૨૧,૨૯૮.૧૫ના સ્તરે ઓલ ટાઈમ હાઈ બનાવ્યો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૭માં વધારો અને ૩માં ઘટાડો જોવા મળી રહ્યો છે. સૌથી વધુ ઉછાળો આઈટી અને રિયલ્ટી શેર્સમાં જોવા મળી રહ્યો છે.

## ૨૦૨૪નું વર્ષ ભારતીય અર્થતંત્રનાં નામે લખાશે : અમેરીકી ફોરમની આગાહી



નવી દિલ્હી તા.૧૫ : વિશ્વસ્તરે આર્થિક સ્લોડાઉન છતાં અસામાન્ય ગતિએ ભારતીય અર્થતંત્ર ધબકતુ જ રહ્યું છે અને વિશ્વ ભરમાં સૌથી ઉંચો વિકાસદર હાંસલ કરી રહ્યું છે ત્યારે ભારત આગામી સમયમાં વિશ્વનું નંબર વન અર્થતંત્ર બની જશે એટલું જ નહીં આગામી ૨૦૨૪નું વર્ષ ભારતનું બની રહેશે અને ભારત આર્થિક મહાસતા બનવાના માર્ગે આગળ ધપશે તેવું અત્યંત મહત્વપૂર્ણ વિધાન ભારત-અમેરિકી રણનીતિક સહયોગ ફોરમ દ્વારા કરવામાં આવ્યું છે. ફોરમના અધ્યક્ષ જોન ચેમ્બર્સે કહ્યું કે ભારત ઈતિહાસના અત્યંત મહત્વપૂર્ણ તબકકે છે અને આ ઐતિહાસિક સમય પર કબ્જો કરશે. વિકાસ-પ્રગતિ તરફ આગળ વધશે અને આવતા વર્ષો માટે નવી તકોનું નિર્માણ કરશે. તેઓએ કહ્યું કે ૨૦૨૩નુ વર્ષ ભારત અને અમેરિકા વચ્ચેની ભાગીદારી માટે મહત્વનું રહ્યું હતું. ૨૦૨૪માં પણ બન્ને દેશો મહત્વના વ્યુહાત્મક ભાગીદાર બનશે અને દુનિયાભરને નવા ઈનોવેશન-શોધ માટે દિશા આપશે તથા નવી રોજગારીઓનું સર્જન કરશે. તેઓએ કહ્યું કે ડીજીટલ તથા આર્ટિફીશીયલ ઈન્ટેલીજન્સ જેવી ટેકનોલોજીની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. ભારતની અમેરિકા ઉપરાંત અન્ય વિકસીત રાષ્ટ્રો સાથે સહયોગ અને વ્યુહાત્મક ભાગીદારી વધારવાની ઉત્સુકતાનું પણ મોટુ યોગદાન હશે. જોન ચૈમ્બર્સે એવો દાવો કર્યો હતો કે સાઈબર સુરક્ષા ક્ષેત્રમાં ફરી જોરદાર તેજી આવશે. ૨૦૨૩ના સાઈબર હુમલા તથા તેનાથી જંગી આર્થિક-નાણાકીય નુકશાન આ ક્ષેત્રના વિકાસના દ્વાર ખોલશે.

## સંસદ સુરક્ષા કાંડનાં માસ્ટર માઈન્ડ લલિત ઝાની પોલીસ સમક્ષ શરણાગતિ : ધરપકડ

નવી દિલ્હી, તા.૧૫: સંસદની સુરક્ષામાં ભંગને લઈને હોબાળો ચાલુ છે. વિપક્ષ આ મામલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિવેદનની માંગ કરી રહ્યા છે. દરમિયાન શિયાળુ સત્રમાંથી લોકસભાના ૧૩ અને રાજ્યસભાના એક સાંસદને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. વિપક્ષના આક્રમક વલણ પર કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશીએ કહ્યું કે આ કોઈ રાજકીય મામલો નથી. બીજી તરફ દિલ્હી પોલીસે છઠ્ઠા આરોપી અને મુખ્ય કાવત્રાખોર ગણાતા લલિત ઝાની રાત્રે લગભગ ૧૦.૩૦ વાગ્યે ધરપકડ કરી હતી.

આ પહેલા દિવસે દિલ્હી પોલીસે આ કેસમાં આરોપી મનોરંજન ડી, સાગર શર્મા, અમોલ શિંદે અને નીલમને કોર્ટમાં રજૂ કર્યા હતા. આ દરમિયાન પોલીસે કોર્ટમાં આરોપીઓની ૧૫ દિવસની કસ્ટડી માંગી હતી, પરંતુ કોર્ટે તેમના સાત દિવસના રિમાન્ડ આપ્યા હતા. આમાંથી જે લોકો લોકસભામાં સાંસદોની બેઠક પર કૂદી પડ્યા હતા અને કેનમાંથી ધૂમાડો છોડતા હતા તેઓ છે મનોરંજન ડી અને સાગર શર્મા. અમોલ શિંદે અને નીલમ નારા લગાવશે અને કેમ્પસમાં કેનમાંથી ધુમાડો ફેલાવશે. પાંચમો આરોપી વિકી પોલીસ કસ્ટડીમાં છે.



## યુપીનાં મહિલા જજે ચીફ જસ્ટીસને પત્ર લખીને ઈચ્છામૃત્યુની માંગણી કરી સુપ્રિમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટ પાસે સ્ટેટસ રીપોર્ટ માંગ્યો

નવી દિલ્હી, તા.૧૫: ઉત્તરપ્રદેશની એક યુવાન મહિલા ન્યાયિક અધિકારીએ સુપ્રિમ કોર્ટનાં મુખ્ય ન્યાયાધીશને ખુલ્લો પત્ર લખીને જીવનનો અંત લાવવાની પરવાનગી માંગી છે. મહિલાએ આક્ષેપ કર્યો હતો કે તેણીની અગાઉની પોસ્ટિંગમાં તેણીના વરિષ્ઠ દ્વારા તેણીને જાતીય સતામણી કરવામાં આવી હતી. ઘટના ૬ મહિના પહેલા બની હતી. પત્રમાં મહિલા જજે કહ્યું કે ન્યાયની વાત તો છોડો, તેને નિષ્પક્ષ તપાસની કોઈ આશા નથી. તેમણે પત્રમાં લખ્યું હતું કે,ડાયસ પર મારી સાથે જાહેરમાં દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો.

બે પાનાના પત્રમાં મહિલા જજે લખ્યું, હું ખૂબ જ ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે ન્યાયિક સેવામાં જોડાઈ હતી. મેં વિચાર્યું કે હું સામાન્ય લોકોને ન્યાય અપાવીશ. મને ઓછી ખબર હતી કે હું જે પણ દરવાજે જઈશ, હું જલ્દી ન્યાય માટે ભિખારી બની જઈશ. મારી સેવાના ટૂંકા ગાળા દરમિયાન મને ખુલ્લા કોર્ટમાં સ્ટેજ પર દુર્વ્યવહાર સહન કરવાનું દુર્લભ સન્માન મળ્યું છે. તેમ કહ્યું કે તેની સાથે ખૂબ જ ખરાબ અને ખરાબ વ્યવહાર કરવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા તેના પત્રમાં તેણે લખ્યું કે મને ખૂબ જ હદ સુધી જાતીય સતામણી કરવામાં આવી છે. મારી સાથે સંપૂર્ણ કચરા જેવું વર્તન કરવામાં આવ્યું છે. મને એક અનિચ્છનીય જીવાત જેવું લાગે છે. અને હું અન્ય લોકોને ન્યાય અપાવવાની આશા રાખતી હતી.

મહિલા જજે તેમ પણ કહ્યું કે મને આશા નહોતી કે મારી ફરિયાદો અને નિવેદનોને મૂળભૂત સત્ય તરીકે લેવામાં આવશે. હું માત્ર નિષ્પક્ષ તપાસ ઈચ્છું છું. તેમ આરોપ લગાવ્યો કે તેને રાત્રે તેના સિનિયરને મળવા માટે કહેવામાં આવ્યું હતું. તેમ દાવો કર્યો હતો કે તેણે આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ 'પ્રયાસ સફળ થયો ન હતો.' તેણે ચીફ જસ્ટીસને લખ્યું, મારે હવે જીવવાની કોઈ ઈચ્છા નથી. છેલ્લા દોઢ વર્ષમાં હું ચાલતી લાશમાં ફેરવાઈ ગઈ છું. આ નિર્જીવ અને નિર્જીવ શરીરને અહીં અને ત્યાં લઈ જવાનો કોઈ હેતુ નથી. મારા જીવનમાં કોઈ હેતુ બાકી નથી. મહેરબાની કરીને મને મારું જીવન ગૌરવપૂર્ણ રીતે સમાપ્ત કરવાની મંજૂરી આપો. મારા જીવનને નકારવા દો.

તેણીએ ભારતમાં કામ કરતી મહિલાઓને 'સિસ્ટમ સામે લડવાનો' પ્રયાસ ન કરવા કહ્યું. જો કોઈ મહિલા વિચારે છે કે તમે સિસ્ટમ સામે લડશો. ચાલો હું તમને કહી શકું, હું ન કરી શકી અને હું જજ છું. હું મારા માટે નિષ્પક્ષ તપાસ કરવાની હિંમત પણ કરી શકી નહીં. ન્યાય તો દૂરની વાત છે. હું તમામ મહિલાઓને રમકડા કે નિર્જીવ વસ્તુ બનવાનું શીખવાની સલાહ આપું છું. યુપીની એક મહિલા જજે ચીફ

જસ્ટીસ ઓફ ઈન્ડીયાને પત્ર લખીને ઈચ્છામૃત્યુની માંગ કરી છે. આ પછી ચીફ જસ્ટીસ ચંદ્રચુડે અલ્હાબાદ હાઈકોર્ટ પાસેથી આ મામલે રિપોર્ટ માંગ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મોડી રાત્રે સુપ્રીમ કોર્ટના મહાસચિવ અતુલ એમ કુર્હેકરને અલ્હાબાદ હાઈકોર્ટ પ્રશાસન પાસેથી સ્ટેટસ રિપોર્ટ માંગવા કહ્યું છે. મહાસચિવ કુર્હેકરે અલ્હાબાદ હાઈકોર્ટના રજીસ્ટ્રાર જનરલને પત્ર લખીને મહિલા જજ દ્વારા આપવામાં આવેલી તમામ ફરિયાદોની માહિતી માંગી છે.

આ સાથે, આંતરિક ફરિયાદ સમિતિ સમક્ષ કાર્યવાહીની સ્થિતિ વિશે પૂછવામાં આવ્યું છે કે જે ફરિયાદ પર કાર્યવાહી કરે છે. આ પત્ર સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ આ પગલું ભરવામાં આવ્યું છે. મહિલા જજે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસને પત્ર લખીને ઈચ્છામૃત્યુની વિનંતી કરી છે. તેણી કહે છે કે તેની સાથે ખૂબ જ અપમાનજનક વર્તન કરવામાં આવ્યું છે જેના કારણે તે ખૂબ જ દુઃખી છે, હવે તે મરવા માંગે છે જેથી તેને મંજૂરી આપવામાં આવે.


**હેવન ઈન્ટીરીયર ફર્નિચર**
www.heavenfurniture.co.in
300+ Site complete
All over Gujarat
INTERIOR
COLOR WORK
POP WORK
SOFA WORK
હેવન ફર્નિચર
M. 97263 15003
મૈરીઓટ પ્લાઝા, ચોથા માળે, ગાયત્રી સ્કૂલ સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.



**મહાયોગી વિરેચન ચૂર્ણ**
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફ્લોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫

**હોટેલ ગ્રીનલેન્ડ**
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND
ઠાકર થાળ
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

**ફ્લેટ વેચવાનો છે**
2 BHK ડાઈનીંગ, ફ્લેટ
2BHK ડાઈનીંગ, ફુલ ફર્નિચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદ્દન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે,
નોબલ ટાવર નહેરૂપાર્ક,
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

**S. K. CARS**
આપને કાર લેવી હોય કે વેચવી હોય તો અમારો સંપર્ક કરો



કોન્ટેકટ નં.
મો. ૭૨૦૨૦ ૭૨૦૧૦
૮૯૫૯૫ ૦૦૦૦૫
શોપ નં.૪ ઈસ્કોન ગોલ્ડ સેન્ટ્રલ પ્લાઝા, મધુરમ બાયપાસ રોડ, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઔદ્યોગીક હેતુ માટેની બાંધકામ સાથેની મોકાની જગ્યા
**ભાડે આપવાની છે**
વંથલી - માણાવદર હાઈવે ટચ
૭૮૦૦૦ સ્કે. ફીટ જગ્યા
૧૨૦૦૦ સ્કે. ફીટ ગોડાઉન
બાંધકામ, ૧૭ ફૂટની હાઈટ સાથે
સંપર્ક : 63515 36215

**દુકાન વેચવાની છે**
દુકાન નં.૩ અને ૪, ગ્રાઉન્ડ ફલોર, આસોપાલવ કોમર્શિયલ બિલ્ડીંગ, હેવલ્સ શો-રૂમની સામે, એ.જી. સ્કુલની સામે, વણઝારી ચોક, જૂનાગઢ.
સંપર્ક : ૯૨૨૮૪ ૬૪૫૦૫

# જૂનાગઢ પોલીસ દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ૪૪૧ લોકોને ૨.૧૬ કરોડનો મુદ્દામાલ પરત અપાવ્યો










(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ પોલીસ હેડ કવાર્ટસ ખાતે તેરા તુજકો અર્પણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં જૂનાગઢ પોલીસ દ્વારા ૪૪૧ લોકોને ૨.૧૬ કરોડથી વધુનો મુદ્દામાલ પરત અપાવ્યો હતો. જૂનાગઢ જિલ્લાના નાગરીકો દ્વારા કરવામાં આવેલ ફરિયાદો સંદર્ભે જૂનાગઢ પોલીસે તપાસના અંતે રોકડ, ઝવેરાત, વાહનો અને મોબાઈલ કબ્જે કર્યા હતા. આ મુદ્દામાલ નાગરીકોને પરત સોપવા માટે આયોજીત કાર્યક્રમમાં ડીઆઈજી નિલેશ જાજડીયા, જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા તેમજ પોલીસ અધિકારીઓ કર્મચારીઓ, નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જૂનાગઢ પોલીસ દ્વારા લોકાભીમુખ અભિગમ સાથે ૪૪૧ ભોગ બનાનાર વ્યક્તિઓને મોબાઈલ, વાહનો, દાગીના વગેરે મળી કુલ રૂપિયા ૨,૧૬,૩૮,૦૭૭ની કિમતનો મુદ્દામાલ પરત સોપવામાં આવ્યો હતો. આ તકે, ઉપસ્થિત આગેવાનો અને નાગરીકોની કામગીરીની આવકારી અભિનંદન પાઠવ્યા હતા. જ્યારે પોલીસ અધિક્ષકે જણાવ્યું કે, સાયબર ક્રાઈમ મોબાઈલ, કમ્પ્યુટર, ટેબલેટ, લેપટોપ દ્વારા ઈન્ટરનેટના માધ્યમથી કાયદાનો ભંગ કરીને થતી છેતરપીડી અને અપરાધ સામે રક્ષણ આપવા માટે ગુજરાત પોલીસ સાયબર ક્રાઈમ સજ્જ થયું છે. સાયબર ક્રાઈમનો કોઈ નાગરીક ભોગ બને તો સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ ઉપર સંપર્ક સાધવા અપિલ કરી હતી. આ કાર્યક્રમમાં રન ફોર જૂનાગઢ દરમ્યાન આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિજેતાઓને સર્ટીફિકેટ એનાયત કરાયા હતા. ડીઆઈજીએ જણાવ્યું હતું કે, સમાજમાં રહેલ ૧ ટકા અસામાજીક તત્વો કે જેવો વિરૂધ્ધ પોલીસ દ્વારા કાયદાકીય રીતે કડકમાં કડક પગલા ભરવામાં આવશે તેવી ચેતવણી ઉચ્ચારી હતી. જેમાં મોબાઈલ ૩૯ ૪.૫૦ લાખ, વાહનો ૧૬ ૪.૭૦ લાખ, ઘરેણા ૧૧૭ ૬૯.૪૪ લાખ, સાયબર ક્રાઈમ જૂનાગઢ ૧૩ ૧૯.૬૮ લાખ, રેન્જ સાયબર સેલ ૨૫૬ ૧.૦૨ કરોડ, રોકડ ૧૪.૯૦ લાખ અને અન્ય ૧.૦૯ લાખ પરત કરવામાં આવ્યા હતા.

# જૂનાગઢના પ્રખ્યાત સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ખાતે કાતીલ ઠંડીની સામે પ્રાણીઓને રક્ષણ આપવા આગવી વ્યવસ્થા ગોઠવાઈ

## સિંહ-દિપડા માટે લાકડાના પ્લેટફોર્મ-હિટર, શિયાળ માટે ખાસ ઘાસના બેડ સહિતની વ્યવસ્થા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢના પ્રખ્યાત સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ખાતે શિયાળાની કાતીલ ઠંડીના આ દોરમાં પ્રાણીઓ-પક્ષીઓ માટે તેમજ અહીં રહેલા વિવિધ જીવો માટે ઠંડીથી બચવા માટે આગવી વ્યવસ્થા કરવામાં આવી છે. જે અંગેની પ્રાપ્ત થતી વિગત અનુસાર, જૂનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં વન્યપ્રાણીઓને શિયાળાની ઋતુમાં ઠંડીથી રક્ષણ આપવા માટેની તૈયારી શરૂ કરી દેવાઈ છે. ૧૦૦ વર્ષ કરતા વધુ જૂના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયને નિહાળવા માટે પ્રતિ વર્ષ લાખ્ખોની સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. ત્યારે જેને નિહાળવા પ્રવાસીઓ આવે છે તે પ્રાણીઓની ત્રણેય ઋતુમાં વિશેષ કાળજી લેવાય છે. ચોમાસામાં વરસાદી પાણી, મચ્છર જેવી જીવાતથી નુકસાન ન થાય, ઉનાળામાં આકરી ગરમીથી મુશ્કેલી ન પડે અને શિયાળામાં કાતીલ ઠંડી સામે રક્ષણ મળી રહે તે માટે સક્કરબાગ ઝૂ સંચાલકો દ્વારા ખાસ વ્યવસ્થા કરાય છે. હાલમાં શિયાળાની ઋતુની શરૂઆત થઈ ગઈ છે. ઠંડીનો પારો સતત ગગડી રહ્યો છે. ત્યારે સક્કરબાગના પ્રાણીઓને માટે ખાસ વ્યવસ્થા કરાઈ છે જેથી કડકડતી ઠંડીમાં પણ તેઓ પોતાનું રક્ષણ કરી શકે. આ અંગે ડીસીએફ અક્ષય જોષીએ જણાવ્યું હતું કે, જુદા જુદા વન્યપ્રાણીઓની ઠંડી સહન કરવાની ક્ષમતા અલગ-અલગ હોય છે. પરંતુ સામાન્ય રીતે લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીથી નીચે આવી જાય તો તમામ પ્રાણીઓને ઠંડી સામે રક્ષણ માટેની સઘન વ્યવસ્થા કરી દેવામાં આવે છે. ખાસ કરીને શિયાળની ઋતુમાં ઠંડી વધી જતા માંસાહારી, તૃણાહારી પ્રાણીઓ અને પક્ષીઓના ખોરાકમાં વધારો કરવામાં આવે છે, જેથી તેનું મેટાબેલીઝમ વધારી શકાય. જ્યારે સરિસૃપો સુષુપ્ત અવસ્થામાં રહેતા હોય તેના ખોરાકમાં ઘટાડો કરાય છે. સક્કરબાગ ઝૂમાં ૧૩૫ તૃણાહારી પ્રાણીઓ, ૪ જળચર, ૧૮૮ હિંસક પ્રાણીઓ, ૭૨ સરિસૃપો, ૨૯૬ પક્ષીઓ મળી કુલ ૬૯૫ પ્રાણીઓ જોવા મળે છે. જેમાં સિંહ, વાઘ, દીપડા વગેરે માંસાહારી પ્રાણીઓને રાત્રિના તેના રૂમમાં રાખી લાકડાના પ્લેટફોર્મ બેસવા માટે અપાય છે. જ્યારે નાના બચ્ચાના રૂમમાં હિટર ગોઠવવામાં આવે છે. જ્યારે વરૂ, શિયાળ, લોકડી જેવા નાના માંસાહારી પ્રાણીઓને લાકડામાંથી બનાવેલા બોક્ષ આપવામાં આવે છે અને તેના બેડીંગ તરીકે સૂકું ઘાસ આપવામાં આવે છે જેથી ઠંડીથી રક્ષણ મેળવી શકે. હરણ, સાબર, સસલા જેવા તૃણાહારી વન્યપ્રાણીઓના પાંજરામાં સૂકા ઘાસનો બેડ બનાવી દેવાય છે. મોર, પોપટ, ખીસકોલી, કબુતર જેવા પક્ષીઓ માટે સૂકા ઘાસનો બેડ, બલ્બ તેમજ રાત્રિના સમયે વધુ ઠંડી દરમ્યાન તેમના પાંજરાને ઢાંકી દેવામાં આવે છે. અજગર, સાપ જેવા સરિસૃપ પ્રજાતિના પ્રાણીઓના રૂમમાં હિટર અને બલ્બ ગોઠવવામાં આવે છે. જંગલી મુરઘા જેવા પક્ષીઓ માટે સૂકા ઘાંસમાંથી નાના નેસ્ટબોક્ષ બનાવી આપવામાં આવે છે સાથે તમામને એન્ટીસ્ટ્રેસ મેડીસીન અપાય છે.

# આગામી રવિવારે જૂનાગઢમાં સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

સૌરાષ્ટ્ર-કચ્છ સમસત બ્રહ્મ સમાજ ટ્રસ્ટ દ્વારા આગામી તા.૧૭ને રવિવારના રોજ નાથળીયા ઉનેવાળ બ્રહ્મ સમાજની વાડી જૂનાગઢ ખાતે સવારે ૧૧ કલાકે સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરેલ છે. સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ જીલ્લાના યનમાન પદે યોજાનાર આ કાર્યક્રમનું ઉદઘાટન ગોંડલ ભુવનેશ્વરી પીઠના પૂ. ઘનશ્યામજી મહારાજ કરશે અને પ્રમુખ સ્થાને ડો. અનિલભાઈ પી. મહેતા(પ્રમુખ સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ) ટ્રસ્ટ તેમજ મુખ્ય વકતા તરીકે શિક્ષણવિદ ગીજુભાઈ ભરાડ વકતવ્ય આપશે. તેમજ મુખ્ય મહેમાન તરીકે વિજયભાઈ ભુજક, છેલભાઈ જોષી, ભુપતભાઈ પંડયા, દિવ્યપ્રકાશભાઈ ઠાકર, શિક્ષણવિદ કે.ડી. પંડયા તેમજ જૂનાગઢ શહેર ભાજપના પ્રમુખ પુનિત શર્મા, ભરત લખલાણી અને હસુભાઈ જોષી, પ્રફુલભાઈ ત્રિવેદી, વિપુલભાઈ જોષી સહિત બ્રહ્મ સમાજના આગેવાનો ઉપસ્થિત રહી તેજસ્વી છાત્રોને બિરદાવશે. આ કાર્યક્રમનો સફળ બનાવવા જૂનાગઢ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ પ્રફુલભાઈ ત્રીવેદી, શહેર પ્રમુખ મેહુલ દવે, મેને. ટ્રસ્ટી ડી.જી. મહેતા, શૈલેષ રવિયા અને સમગ્ર ટીમ જહેમત ઉઠાવી રહી છે અને કાર્યક્રમ પુર્ણ થયે ભોજન-પ્રસાદનું પણ આયોજન કરાયું છે. તો સૌ ભુદેવ પરિવારનો ઉપસ્થિત રહેવા પ્રફુલભાઈ ત્રીવેદી અને મેહુલ દવેએ જણાવ્યું છે.

# કેશોદમાં તોતીંગ ટોલટેકસના વિરોધમાં અચોક્કસ મુદ્દતનું ઉપવાસ આંદોલન શરૂ

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૫



કેશોદ અને વંથલી વચ્ચે ગાદોઈ ટોલનાકા પર તોતીંગ ટેક્ષ વસુલવાના વિરોધમા કેશોદના લોકો તથા ગાદોઈ ટોલનાકા લડત સમીતી દ્વારા અચોક્કસ મુદત માટે ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવ્યું છે નેતાઓ કે અન્ય હોદેદારો સાથ ન આપતા વેપારીઓએ જ લડતનું મંડાણ કરવું પડ્યુ છે ગાદોઈ ટોલનાકા પર કાર તેમજ અન્ય ભારે વાહનો માટે તોતીંગ ટોલટેક્ષ વસુલ કરવામાં આવી રહ્યો છે કેશોદના લોકોએ વંથલી આવવુ હોય કે વંથલી તરફથી કેશોદ જતા લોકોને આ તોતીંગ ટેક્ષ ચુકવવો પડે છે કેશોદના લોકો આ ટેક્ષના કારણે ત્રાહીમામ થઈ ગયા છે આ ટોલટેક્ષ વસુલ કરવાના વિરોધમા કેશોદના લોકોએ અનેક વખત રજૂઆત કરી હતી પરંતુ કઈ પણ જવાબ ન મળતા આખરે વેપારી મહામંડળ તેમજ અન્ય સંગઠનની બેઠક મળી હતી જેમાં ગાદોઈ ટોલનાકા પર ભાવ વિરોધમા લડત સમીતી બનાવવામાં આવી હતી આ બેઠકમાં વેપારી આગેવાનો તેમજ અન્ય સભ્યોએ ગાદોઈ ટોલનાકા પર ઉઘાડી લુટના વિરોધમાં આંદોલન કરવા નિર્ણય કર્યો હતો જેના અનુસંધાને તંત્રની મંજૂરી માંગવામાં આવી હતી જે મંજૂરી મળી જતા કેશોદમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાની બાજુમા પ્રતિક ઉપવાસ આંદોલન શરૂ કર્યું છે અંગે લડત સમિતીના આગેવાન હરસુખભાઈ સિદ્ધપરાએ જણાવ્યું હતું કે કેશોદ ટોલનાકાના ૨૦ કિમીના ત્રીજયામાં આવે છે તો પણ કેશોદના લોકો પાસેથી ટોલટેક્ષ વસુલ કરવામાં આવે છે જેના વિરોધમાં ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવતા કેશોદના લોકો આ બાબત ટેકો આપી રહ્યા છે ત્યારે આ બાબતે શુ નિર્ણય થાય તે આવનારા સમયમાં જોવાનુ રહ્યું છે

# ગુજરાતના સંગ્રહાલયોની ઓડિયો ગાઈડ એપ્લીકેશન "મ્યુઝિયમ ઓફ ગુજરાત" લોન્ચ કરતા પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા






ગાંધીનગર તા.૧૫

ગાંધીનગર ખાતેથી પ્રવાસન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રી શ્રી મુળુભાઈ બેરાના હસ્તે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હેઠળની પુરાતત્વ અને સંગ્રહાલય કચેરીની "મ્યુઝિયમ ઓફ ગુજરાત" મોબાઈલ એપ્લીકેશન લોન્ચ કરવામાં આવી હતી. સાથે જ મંત્રી શ્રી મુળુભાઈ દ્વારા "મ્યુઝિયમ્સ ઓફ ગુજરાત" ન્યૂઝ લેટરનાં પ્રથમ વિષેશાંકનું પણ લોકાર્પણ કર્યું હતું. આ ન્યૂઝ લેટર પુરાતત્વ અને સંગ્રહાલય કચેરી દ્વારા કરવામાં આવેલી રચનાત્મક કામગીરીની માહિતી રૂપે દર ત્રણ માસે પ્રકાશિત કરવામાં આવશે. નવીન મોબાઈલ એપ્લીકેશન વિશે માહિતી આપતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, "મ્યુઝિયમ ઓફ ગુજરાત એપ્લિકેશન" એ મોબાઈલ ઓડિયો ગાઈડ પ્રકારની બનાવવામાં આવી છે. આ એપ્લીકેશનની મદદથી મ્યુઝીયમની મુલાકાતે આવતા નાગરીકો ત્યાં પ્રદર્શન ગેલેરીમાં પ્રદર્શિત કરેલા એકમો સહિત સંપૂર્ણ સંગ્રહાલયની તમામ માહિતી સાંભળી શકશે. આ એપ્લીકેશનમાં ઓડિયો ગાઈડ માત્ર ગુજરાતી જ નહિ, પરંતુ અંગ્રેજી ભાષામાં પણ ઉપલબ્ધ છે.

હાલમાં આ એપ્લિકેશનમાં બરોડા મ્યુઝિયમ અને પિક્ચર ગેલેરીની ઓડીયો ગાઈડ ઉપલબ્ધ છે, અને ભવિષ્યમાં ગુજરાત સરકાર હસ્તકના તમામ સંગ્રહાલયનો આમાં સમાવેશ કરવામાં આવશે. નાગરીકો આ એપ્લીકેશન ગુગલ પ્લેસ્ટોર અને આઈ.ઓ.એસ એપસ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ગોરખમઢી ગામે ભવ્ય સ્વાગત કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૫

વિકસિત ભારત સંકલ્પ યાત્રા સુત્રાપાડા તાલુકા ગોરખમઢી ગામે પહોંચી હતી. આ રથયાત્રાનું ભવ્યથી ભવ્ય સ્વાગતમાં આવ્યું હતું. જેમાં સરકારી જુદી જુદી યોજનાઓનો લોકોએ લાભ લીધો હતો. આ પ્રસંગે ગીર સોમનાથ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ ચેરમેન બાબુભાઈ પરમાર, સુત્રાપાડા તાલુકાના ભાજપ પ્રમુખ પ્રતાપસિંહ બારડ, તા.સદસ્ય પંચાયત નારણભાઈ ખુંટડ, ટપુભાઈ વાજા, મહામંત્રી તાલુકા ભાજપ, તાલુકા પંચાયત એ.ટી.ઓ. ચાવડા, ગામ સરપંચ અરવિંદભાઈ પરમાર, હરેશભાઈ પરમાર, નવાગામના સરપંચ પ્રતાપભાઈ બામણીયા, હંસાબેન પટેલ, કે.વી. કે. કોડીનાર સરકારી કર્મચારીગણ ગામજનો ભાઈ તથા બહેનો બહોળી સંખ્ય હાજર રહ્યા હતા અને સરકારીની વિવિધ યોજના લાભ લીધો હતો. (તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# ઉનાના ગરાળ ગામે અક્ષત કળશનું પુજન કરાયું

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૫

ઉના તાલુકાના ગરાળ ગામે ભૂતડા દાદા મંદિરના સાનિધ્યમાં સંત શ્રી અમરગીરી બાપુના હસ્તે અક્ષત કળશનું પૂજન કરી ભૂતડા દાદા સીમ શાળામાં આચાર્ય અને વિદ્યાર્થીઓ દ્વારા અક્ષત કળશનું પૂજન કરવામાં આવ્યું હતું અને તા.૨૨-૧-૨૦૨૪ના પવિત્ર દિવસે દરેક ગામ અયોધ્યા બને અને દિવાળી જેમ આ મહાપર્વની ઉજવણી થાય તેવું આહવાન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં રામજીભાઈ પરમાર, નીપુલભાઈ શાહ, યશવંતભાઈ બામભણીયા, ચિંતનભાઈ ગઢીયા, રવિભાઈ બામભણીયા અને વિહિપના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

# વંથલી : રેતીના ભાવ બાબતના મનદુ:ખમાં ગેરકાયદેસર મંડળી રચી ધોકા-લોખંડના પાઈપ વડે હુમલો : પાંચ સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

વંથલી પંથકમાં બનેલા એક બનાવમાં રેતીના ભાવ બાબતના મનદુ:ખમાં ટ્રક ડ્રાઈવર ઉપર ધોકા-લોખંડના પાઈપ વડે હુમલો કરવા અંગેની ફરીયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. આ બનાવ અંગે વંથલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર બિપીનભાઈ જયસુખભાઈ પરમાર (ઉ.વ.૩૨) (રહે.મુળ ગણોદ ગામ તા.ઉપલેટા જી.રાજકોટ હાલ રહે.કણજા ગામથી કણજડી જતા રોડ ઉપર આવેલા મકાને)એ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપી સતીષભાઈ મરંઢ આહીર, અર્જુનભાઈ મરંઢ આહીર રહે.બંને મંગલપુર તથા તેની સાથે સ્કોર્પીયોમાં આવેલા ત્રણ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ નોંધાવેલ ફરીયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી ટ્રક ડ્રાઈવર હોય અને તે પોતાના શેઠ પ્રદીપભાઈની ટ્રકના રેતીના કોડીનાર બાજુ ફેરા કરતા હોય અને આ કામના આરોપી નં-૧ પણ રેતીનો ધંધો કરતા હોય અને આ કામના ફરીયાદી કોડીનાર બાજુ રેતીનો ફેરો કરવા ગયેલ તે દરમ્યાન ફરીયાદીને કોઈ રેતીના ગ્રાહકે રેતીના ફેરાનો ભાવ પુછેલ જેથી ફરીયાદીએ રેતીના ફેરાનો ભાવ કહેલઅને આ ગ્રાહકો આરોપીઓ પાસેથી પણ રેતી મંગાવતા હોય જેથી આરોપીનો પોતાના ગ્રાહક ફરીયાદી પાસેથી રેતી લે છે તેવું લાગતા આરોપી નં-૧નાએ ફરીયાદીને આ બાબતે ફોન કરી કહેલ કે તું કેમ રેતીના ફેરાના ઓછા ભાવ કહીને ભાવ બગાડે છે તેમ કહી ભુંડી ગાળો આપી બાદ ફરીયાદીને કણજા ખાતે ફોન કરી બલાવતા ફરીયાદી વંથલીથી કણજા જતા હોય તે દરમ્યાન આ કામના તમામ આરોપીઓએ ફરીયાદી ઉપર રેતીના ભાવ બાબતે મનદુ:ખ રાખી અગાઉથી ગુનાહીત કાવતરૂ રચી રસ્તામાં ફરીયાદી ઉભેલ ત્યાં આવી તમામ આરોપીઓએ એકસંપ કરી ગે.કા. મંડળી રચી ધોકા તથા લોખંડના પાઈપો જેવા હથીયાર ધારણ કરી તમામ આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ ફરીયાદીને બંને પગમાં આડેધડ તથા શરીરે માર મારી ફરીયાદીને બંને પગમાં ફેકચર જેવી ગંભીર ઈજાઓ કરી તથા શરીરે મુંઢ ઈજાઓ કરી ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી જ્ઞાતી પ્રત્યે અપમાનીત કરી જીલ્લા મેજી. જૂનાગઢના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ કલમ ૩૨૬, ૩૨૫, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), એટ્રોસીટી એકટ કલમ ૩(૨)(૫) ૩(૧)(આર)(એસ), જીપી એકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ એસસી/એસટી સેલ કેશોદના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિકારી ડી.જી. કોડીયાતર ચલાવી રહ્યા છે.

# ખંભાળિયાના સલાયામાં ફિશિંગ બોટમાં આગ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

ખંભાળિયા તાલુકાના સલાયા બંદર ખાતે દરિયા કિનારા નજીક આવેલા શફી ઢોરા ખાતે રાખવામાં આવેલી એક માછીમારી બોટમાં ગત રાત્રે કોઈ કારણોસર એકાએક આગ લાગી હતી. જો કે આગના સમયે બોટમાં કોઈ હાજર ન હતું.

આ આગના કારણે બોટમાં રહેલો માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. સાથે સાથે બોટની કેબિન તથા અન્ય માલ સામાનને પણ વ્યાપક નુકસાની થવા પામી હતી. આગનો આ બનાવ બનતા ફાયર વિભાગ તેમજ આસપાસના બોટ સંચાલકોએ પાણીનો મારો ચલાવીને આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

# ખોડલધામ દ્વારા અમરેલી ગામે સર્વ સમાજ માટે અતિ આધુનિક કેન્સર હોસ્પિટલનું નિર્માણ થશે

## ખોડલધામનો વધુ એક પ્રકલ્પ થશે સાર્થકઃ ૨૧ જાન્યુઆરીએ ભૂમિપૂજન થશે



રાજકાટ તા. ૧૫

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ જ્યારથી સંગઠન અને સમાજસેવાના હેતુસહ સ્થાપિત થયું ત્યારથી સર્વ સમાજ માટે નવા નવા આયામો અને પ્રકલ્પો સાથે સમાજ વચ્ચે રહી સમાજ સેવાનું કામ કરે છે. ત્યારે ૨૧મી જાન્યુઆરી એટલે ખોડલધામ પરિવાર માટે સેવાના માધ્યમથી એકતા અને સંગઠનના દર્શન કરાવવાનો ગૌરવવંતો દિવસ. ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના આદરણીય ચેરમેન નરેશભાઈ પટેલે જાહેર કરેલા ત્રણ મુખ્ય પ્રકલ્પ શિક્ષણ, આરોગ્ય અને કૃષિ. જે અંતર્ગત આગામી તારીખ ૨૧ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ રાજકોટ નજીકના અમરેલી ગામ મુકામે સર્વ સમાજ માટેનું એક આરોગ્ય ધામ એટલે કે અત્યાધુનિક કેન્સર હોસ્પિટલના ભૂમિપૂજન સમારોહનું આયોજન કરાયું છે. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ અમરેલી ગામે નિર્માણ પામનાર કેન્સર હોસ્પિટલનું ભૂમિપૂજન સાત દીકરીઓના વરદ હસ્તે કરવામાં આવશે. આ ભૂમિપૂજન સમારોહ શ્રી ખોડલધામ મંદિરેથી વર્ચ્યૂઅલી સવારે ૭.૦૦ કલાકથી કરવામાં આવશે. જાહેર કાર્યક્રમ અને સ્ટેજ કાર્યક્રમ શ્રી ખોડલધામ મંદિર કાગવડ ખાતે સવારે ૯.૩૦ થી બપોરના ૧૧.૩૦ સુધી રહેશે.

આ પ્રકલ્પને સાર્થક બનાવવા માટેનો સંદેશ અને માહિતી ઘર-ઘર સુધી પહોંચે અને દાતાશ્રીઓને કેન્સર હોસ્પિટલના ભૂમિદાન માટે સંકલ્પબદ્ધ કરવાના શુભ આશયથી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન શ્રી નરેશભાઈ પટેલ આગામી તારીખ ૧૭ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ દેવાધિ દેવ સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવીને પ્રવાસની શરૂઆત કરશે અને ૬ જાન્યુઆરી સુધી આ પ્રવાસ ચાલશે. આ પ્રવાસ દરમિયાન નરેશભાઈ પટેલ સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાત અને મહારાષ્ટ્રના વિવિધ સ્થળોની મુલાકાત લેશે. આ પ્રવાસ દરમિયાન શ્રી નરેશભાઈ પટેલ સમસ્ત ગુજરાત અને ગુજરાત બહાર વસતા શ્રી ખોડલધામ પરિવારના તમામ ભાઈઓ-બહેનોને રૂબરૂ મળીને આ કેન્સર હોસ્પિટલના પ્રકલ્પ અંગે માહિતગાર કરશે અને દાતાઓને કેન્સર હોસ્પિટલમાં ભૂમિદાન કરી આ સેવાકીય કાર્યમાં જોડાવા આહ્‌વાન કરશે.

# માંગરોળના આજક ગામે સમાજ સુરક્ષા, આરોગ્ય, ખેતીવાડી સહિતના વિભાગની જનકલ્યાણકારી યોજનાઓની જાણકારી અપાઈ

## જુદા જુદા વિભાગના અધિકારી-કર્મચારીઓએ સરકારી સેવાઓ-યોજનાઓના લાભ લેવા ગ્રામજનોને કર્યા પ્રેરિત





જૂનાગઢ તા.૧૫

માંગરોળના આજક ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ગ્રામજનોએ ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે સમાજ સુરક્ષા, આરોગ્ય, ખેતીવાડી, આત્મા પ્રોજેક્ટ, મહિલા અને બાળ વિકાસ વિભાગ સહિતના વિભાગની જનકલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવામાં આવી હતી અને ગ્રામજનોને આ વિવિધ યોજનાઓ અને સેવાઓનો લાભ લેવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમ સહિતના અનુભવોના હસ્તે વિવિધ યોજનાકીય સહાય અને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિશિષ્ટ મહિલાઓ, સ્થાનિક કલાકારો અને તેજસ્વી વિદ્યાર્થીઓનું કરવામાં આવ્યું હતું. ઉપરાંત હેલ્થ કેમ્પના માધ્યમથી ગ્રામજનોએ આરોગ્ય સેવાઓનું પણ લાભ મેળવ્યો હતો. ધરતી કહે પુકાર કે નાટકના માધ્યમથી પ્રાકૃતિક ખેતી માટે પણ ગ્રામજનોને પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે અગ્રણી શ્રી ભાવેશભાઈ ડાભી, સરપંચ શ્રી રમેશભાઈ વાજા, ઉપસરપંચ શ્રી ડોસાભાઈ શામળા સહિતના અગ્રણીઓ અને જુદા જુદા વિભાગના અધિકારી-કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનામાં જનસેવા સમાજ ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે ઉકાળાનું વિતરણ



ઉના તા. ૧૫

ઊનામાં જીવદયા પ્રવૃત્તિ કરતી જનસેવા સમાજ ટ્રસ્ટ ઊનાના આગેવાન ભગુભાઈ રાંક ગોર અને અશોકભાઈ વિઠ્ઠલાણી અને કાર્યકરો દ્વારા છેલ્લા ૧૩ વર્ષથી દર વર્ષે કારતક માસથી ફાગણ માસ ચાર મહિનાઓ પોલીસ સ્ટેશન પાસે જૂના બસ સ્ટેશન જતા ખૂણા ઉપર વહેલી સવારે ૫.૩૦થી દેશી ઔષધીયુક્ત આરોગ્ય પ્રદ ઉકાળો અને ગૌમૂત્ર વિનામુલ્યે વિતરણ કરી રહ્યા છે અને આ સંસ્થાના સેવકો દ્વારા પોતાના વાહન દ્વારા સોસાયટીમાં ઘરે ઘરે જઈ વિનામુલ્યે ઉકાળાનું વિતરણ કરી માનવ સેવા કરી રહ્યા છે. અને મોટી સંખ્યામાં લોકો આ ઉકાળાનો લાભ લઈ રહ્યા છે.

# જૂનાગઢથી વિજયનગર સ્લીપર કોચ બસ શરૂ, ધારાસભ્ય દ્વારા પ્રસ્થાન કરાયું



જૂનાગઢ તા. ૧૫

જૂનાગઢ બસ સ્ટેશન ખાતે ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા દ્વારા જૂનાગઢથી વિજયનગર સ્લીપર બસનું લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ શુભ યાત્રા સ્વચ્છ યાત્રાના એસટી નિગમના કાર્યક્રમ અનુસંધાનેજૂનાગઢ બસ સ્ટેશન ખાતે મુલાકાત લીધેલ તેમજ વિદ્યાર્થી પાસ અને સર્વિસ પાસ સિસ્ટમની જાણકારી મેળવેલ હતી. તેમજ કંટ્રોલ પોઈન્ટ ઉપ્ર લગાવેલ કયુઆર કોડ સ્કેન કરીને મુસાફર દ્વારા રજુ કરવામાં આવતી ફીડબેક સિસ્ટમ અંગે પણ જાણકારી મેળવેલ હતી.

# વેરાવળના ઘનશ્યામ પ્લોટ વિસ્તારમાં જર્જરીત રહેણાંક એપાર્ટમેન્ટ અકસ્માત સર્જે તે પહેલાં ઉતારી લેવા માંગ

## રહીશોએ પાલીકા તંત્રને લેખિત રજુઆત પાઠવી કાર્યવાહી કરવા માંગ કરી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૫





વેરાવળમાં ઘનશ્યામ પ્લોટ વિસ્તારમાં આવેલ એક એપાર્ટમેન્ટ જર્જરીત હોવાથી કોઈ જાનહાની કે મોટો અકસ્માત થાય તે પહેલા નિયમોનુસાર કાર્યવાહી કરી ઉતારાવડાવી લેવા ગરબી મંડળના હોદેદારોએ ચીફ ઓફીસર સહીતનાને લેખીત રજૂઆત પાઠવી માંગણી કરી છે. આ ઉપરાંત શહેરમાં અકસ્માતને આમંત્રણ આપતા અનેક જર્જરીત બાંધકામો હોય તેની સામે પણ કાર્યવાહી થવી જોઈએ તેવી લોકલાગણી પ્રવર્તી રહી છે.

આ અંગે ઘનશ્યામ ગરબી મંડળના પ્રમુખ ગોવિંદભાઈ ભાનુશાળીએ કરેલ રજૂઆતમાં જણાવેલ કે, શહેરના ઘનશ્યામ પ્લોટમાં આવેલ સોનલ એપાર્ટમેન્ટ જર્જરીત હાલતમાં છે. આ ચાર માળના એપાર્ટમેન્ટમાં વાવાઝોડા સમયે એક જર્જરીત સ્લેબનો ભાગ ધરાશાયી થયેલ પરંતુ તે સમયે ત્યાં કોઈ હાજર ન હોવાથી સદભાગ્યે જાનહાનિ થયેલ ન હતી. આ જર્જરીત એપાર્ટમેન્ટની આસપાસ રહેણાંક વિસ્તાર હોવાથી બાળકો ત્યાં રમતા હોવાની સાથે સતત લોકોની અવર જવર રહે છે. ત્યારે કોઈ મોટા ગંભીર અકસ્માતનો ભય રહે છે. જેને ધ્યાને લઈ આ જર્જરીત એપાર્ટમેન્ટ સામે વ્હેલીતકે કાર્યવાહી કરી તોડી પાડવામાં આવે તેવી માંગણી છે.

અત્રે નોંધનીય છે કે, જોડીયા શહેરમાં અનેક સ્થળોએ જર્જરીત બાંધકામો હોય જે સતત અકસ્માતને આમંત્રણ આપી રહ્યા છે. ત્યારે આવા બાંધકામો સામે પાલીકા તંત્ર માત્ર નોટીસો આપી સંતોષ માનવાના બદલે નિયમોનુસાર કાર્યવાહી કરી જર્જરીત બાંધકામો અને ભાગ ઉતારી લેવા કાર્યવાહી કરવી જોઈએ તેવી લોકલાગણી પ્રવર્તી રહી છે.

# ગુજરાતમાં કોંગ્રેસ ભાજપને ક્લિન સ્વીપ કરતા રોકી શકશે?

## સર્વેના જે તારણો સામે આવ્યા છે તે મુજબ આ વખતે ફરીથી ભાજપ ગુજરાતમાં ક્લિન સ્વીપ કરી શકે છે, ચૂંટણી પરિણામો બાદ એક સર્વે સામે આવ્યો છે

નવી દિલ્હી, તા.૧૫



દેશના પાંચ રાજ્યોમાં ચૂંટણીના પરિણામો આવી ગયા અને તેમાં ભાજપને ઝળહળતી સફળતા મળી છે. હવે ભાજપ અને કોંગ્રેસે લોકસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરવા માંડી છે. આગામી વર્ષે દેશમાં લોકસભા ચૂંટણી થશે. ત્યારે સવાલ એ ઊભો થાય છે કે શું આ વખતે પણ ભાજપનો ગઢ ગણાતા ગુજરાતમાં કોંગ્રેસ ભાજપને ક્લિન સ્વીપ કરતા રોકી શકશે ખરા? આ અંગે ટાઈમ્સ નાઉ ઈટીજી રિસર્ચ સર્વે દ્વારા એક સર્વે થયો છે જેમાં કોને કેટલી સીટો અને મત મળી શકે છે તે અંગે અનુમાન વ્યક્ત કરાયું છે. ભાજપના નેતૃત્વવાળા NDA અને કોંગ્રેસના નેતૃત્વવાળા INDIA અલાયન્સન અંગે સર્વે થયો છે. અત્રે જણાવવાનું કે ગત લોકસભા ચૂંટણી ૨૦૧૯માં ભાજપે ગુજરાતમાં તમામ ૨૬ બેઠકો કબજે કરી હતી. તે પહેલા પણ ૨૦૧૪માં ભાજપે ક્લિન સ્વીપ કરતા ૨૬ બેઠકો મેળવી હતી. ત્યારે આ વખતે પણ ભાજપનું લક્ષ્ય તમામ બેઠકો મેળવવાનું છે. જો દેશમાં હાલ ચૂંટણી થાય તો કોને કેટલી બેઠકો જાય તે અંગેનું અનુમાન આ સર્વેમાં વ્યક્ત કરાયું છે. તમને જણાવી દઈએ કે સર્વેના જે તારણો સામે આવ્યા છે તે મુજબ આ વખતે ફરીથી ભાજપ ગુજરાતમાં ક્લિન સ્વીપ કરી શકે છે. કોંગ્રેસના નેતૃત્વવાળા INDIA અલાયન્સનું રાજ્યમાં ખાતું પણ નહીં ખુલે તેવું સર્વેના તારણો કહે છે. INDIA અલાયન્સ સાથે અન્યને પણ આ સર્વેમાં ઝીરો સીટ દર્શાવાઈ છે. સર્વેમાં વોટશેરનું પણ અનુમાન કરાયું છે. સર્વેમાં કહેવાયું છે કે પીએમ મોદીના ગૃહ રાજ્યમાં પાર્ટી લોકસભા ચૂંટણીમાં ૬૦ ટકા મત મેળવી શકે છે. જ્યારે INDIA અલાયન્સના ફાળે ૩૭ ટકા મત જઈ શકે છે. ૩ ટકા મત અન્યના ફાળે જઈ શકે છે.

૨૦૧૯માં ભાજપને રાજ્યમાં ૬૨.૨૧ ટકા મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસને ૩૨.૧૧ ટકા મત મળ્યા હતા. ગત વર્ષે થયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને રાજ્યમાં મોટી જીત મળી હતી. ભાજપને ૧૮૨ બેઠકોમાંથી ૧૫૬ બેઠકો મળી હતી. કોંગ્રેસે વિધાનસભામાં વિપક્ષના નેતાનું પદ ગુમાવવાનો વારો આવ્યો હતો. પાર્ટીને ફક્ત ૧૭ બેઠકો મળી હતી. જ્યારે આમ આદમી પાર્ટીને પાંચ બેઠકો અને ૩ પર અપક્ષો વિજયી થયા હતા. સમાજવાદી પાર્ટીને પણ રાજ્યમાં એક સીટ મળી હતી.

# એસટી વિભાગ દ્વારા ઉનાથી ગાંધીનગર સ્લીપીંગ બસ શરૂ કરાઈ



ઉના તા. ૧૫

ઊના એસ.ટી. ડેપોમાં નવી સુપર સ્લીપિંગ બસની ફાળવણી કરવામાં આવતા ઘણા સમયથી ગીરગઢડા તાલુકાના લોકોની ગીરગઢડાથી ગાંધીનગર જવા નવી બસ શરૂ કરવા માંગણી હતી તેથી ઊનાના ડેપો મેનેજર એલ. ડી. રાઠોડએ બંને બસ આ રૂટ ઉપર ફાળવતા આ બસને ઊનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું અને ગીરગઢડામાં વેપારી એસોસિએશનના આગેવાન રાજુભાઈ પટેલ અને અનિલભાઈ વિઠ્ઠલાણીએ બસના ડ્રાઈવર અને કન્ડક્ટરનું ફુલહાર પહેરાવી સ્વાગત કરી મીઠાઈ ખવડાવી હતી. આ બસ ગીરગઢડાથી રાત્રે ઉપડી વાયા ખાંભા અમરેલી, સાળંગપુર, અમદાવાદ થઈ વહેલી સવારે ગાંધીનગર પહોંચશે તેવીજ રીતે ગાંધીનગરથી રાત્રિના ઉપડી વહેલી સવારે ગીરગઢડા પહોંચશે. આ બસ શરૂ કરવામાં આવતા લોકોમાં આનંદ થયો છે.

# રાજ્યના મહાનગરોના વિકાસ માટે મુખ્યમંત્રીએ ૪૮૪ કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી

ગાંધીનગર તા.૧૫



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો અને મહાનગરોમાં જન સુખાકારીના વધુને વધુ કામો દ્વારા નાગરિકોના ઈઝ ઓફ લિવિંગમાં વૃદ્ધિની નવી દિશા વિકસાવી છે. મુખ્યમંત્રીએ સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટનો ધ્યેય સાકાર કરવા આ હેતુસર રાજ્યના ત્રણ મહાનગરોને કુલ ૪૨૪ વિવિધ જનહિતકારી વિકાસ કામો માટે સમગ્રતયા ૪૮૩.૭૧ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.


વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આયોજનબદ્ધ શહેરી વિકાસ માટે તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ગુજરાત રાજ્યની સ્વર્ણિમ જયંતી ઉજવણીના વર્ષ-૨૦૧૦માં શરૂ કરાવેલી સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ત્રણ મહાનગરોને આ રૂ. ૪૮૩.૭૧ કરોડની રકમ ફાળવી છે. તદઅનુસાર, પાટનગર ગાંધીનગરની ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી-ગુડાને ભાઈજીપુરા થી ગિફ્ટસિટી તરફ જતા સિગ્નેચર બ્રિજ સુધીના રોડના કામો માટે ૨૦.૭૪ કરોડ રૂપિયાની ફાળવણીની મુખ્યમંત્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. ગાંધીનગર-કોબા હાઈ-વે ને ગિફ્ટસિટી સાથે જોડતા આ મુખ્ય માર્ગની બેય તરફ વિવિધ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ કાર્યરત છે. નોલેજ હબ તરીકે આ વિસ્તાર ડેવલપ કરવાની હાલની પ્રગતિ હેઠળની કામગીરી ઉપરાંત મેટ્રો રેલની ભવિષ્યની ઉપલબ્ધિને ધ્યાનમાં લઈને આ રોડના ડેવલપમેન્ટ તેમજ બ્યુટિફિકેશન હેતુસર સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ખાસ કિસ્સામાં ૨૦.૭૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે આગામી વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૪ ગાંધીનગરમાં યોજાવાની છે ત્યારે મુખ્ય માર્ગોની બાજુમાં ફુટપાથ, લેન્ડ સ્કેપિંગ, ૩ ઓવરબ્રિજ અને ૨ અંડરપાસનું થીમ બેઈઝ્ડ પેઈન્ટિંગ અને આર્ટ વર્ક સહિતના પાંચ જેટલા આંતરમાળખાકીય વિકાસ કામો રૂ. ૩૫.૫૦ કરોડના ખર્ચે હાથ ધરવાની પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૈદ્ધાંતિક અનુમતિ આપી છે.


આ કામો ઉપરાંત મુખ્યમંત્રીએ ગાંધીનગર મહાનગરપાલિકાના આઉટગ્રોથ વિસ્તાર વિકાસ કામો માટેની બે દરખાસ્તો જેમાં રક્ષાશક્તિ સર્કલ થી કોબા સર્કલના રોડનું બ્યુટિફિકેશન એન્?ડ લેન્ડ સ્કેપિંગ અને મહાનગરપાલિકામાં સમાવાયેલા ગામોમાં નવા સિમેન્ટ કોંક્રીટ રોડ બનાવવાનો સમાવેશ થાય છે તેના માટે પણ ૧૦.૭૦ કરોડ રૂપિયા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ફાળવવાની મંજૂરી આપી છે. મુખ્યમંત્રીએ સુરત અને વડોદરા મહાનગરપાલિકાઓને પણ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે વિકાસકામો માટે રકમ ફાળવી છે સુરતમાં સેન્ટ્રલ ઝોનમાં નાનપુરા અને નોર્થ ઝોનમાં કતાર ગામ વિસ્તારોમાં ઓડિટોરિયમ નિર્માણના ૨ કામો માટે ૧૪૫ કરોડ રૂપિયા ફાળવવા સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ ઉપરાંત આઉટગ્રોથ વિસ્તાર વિકાસ કામો અન્?વયે ફિઝિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝના ૨૧ કામો, સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસેલિટીઝના ૧૯ કામો અને અર્બન મોબિલિટીના બે કામો એમ ૭૫ કામો માટે ૧૫૧.૨૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવાની ભૂપેન્દ્ર પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત રોડ કાર્પેટીંગ, રી-કાર્પેટિંગ તથા હયાત માર્ગો પહોળા કરવા અને ફુટપાથ સહિતના ૧૭૫ કામો માટે સુરત મહાનગરપાલિકા માટે ૬૩.૮૧ કરોડ રૂપિયા મુખ્યમંત્રીએ મંજૂર કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરા મહાનગરપાલિકાને આઉટગ્રોથ વિસ્તારોમાં પાણી પુરવઠો, વરસાદી ગટરના કામો, ડ્રેનેજ તથા રોડના કામો, પેવર બ્લોક કામો જેવા કૂલ ૧૬૪ કામો માટે રૂ. ૫૬.૭૦ કરોડની ફાળવણી માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ બધા જ વિકાસકામો નગરો-મહાનગરોમાં લોન્ગ ટર્મ સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટની નવી દિશા આપશે અને શહેરીજીવન વધુ સુવિધાયુક્ત બનશે.

# ગગનયાન મિશન પહેલા ISRO મહિલા રોબોટ મોકલશે











# ખેલ સહાયક માટેની પરીક્ષામાં ૩૫ ગુણે પાસ કરવા ધારાસભ્યની રજૂઆત

અમદાવાદ, તા.૧૫

રાજ્યના લાઠીના ધારાસભ્યે ખેલ અભિરૂચી કસોટીના પરિણામમાં પાસિંગ ગુણ ઘટાડવા માટે રાજ્યના શિક્ષણમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે. ખેલ સહાયકની પાંચ હજાર કરતા વધુ જગ્યા સામે માત્ર ૧૭૮૫ જેટલા ઉમેદવારો જ પાસ થયા છે. જેથી પાસિંગ ગુણ ૫૦ ટકાથી ઘટાડીને ૩૫ ટકા કરવામાં આવે તો વધુ ઉમેદવારો ખેલ સહાયક બની શકે તેમ હોવાનું જણાવી શિક્ષણમંત્રી સમક્ષ માંગ કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, લાઠીના ધારાસભ્ય જનક તળાવિયાએ રાજ્યના શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડિંડોરને ખેલ અભિરૂચી કસોટીને લઈને પત્ર લખ્યો છે, જેમાં તેમણે જણાવ્યું છે કે, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ખેલ સહાયક માટે યોજાયેલી ખેલ અભિરૂચિ કસોટી (SAT) અંતર્ગત શાળાઓમાં ૧૪ વર્ષ બાદ સ્પોર્ટ્સ શિક્ષક ખેલ સહાયકની કરાર આધારિત ૫૦૭૫ જગ્યા માટે ભરતીની પરીક્ષા ૨૯ નવેમ્બર, ૨૦૨૩ના રોજ યોજવામાં આવી હતી. પરંતુ તેમાં પૂરતા ઉમેદવાર હાજર રહ્યા ન હતા. માત્ર ૩૫૯૧ ઉમેદવારો જ આ પરીક્ષા આપવા ઉપસ્થિત રહ્યા હતા. કચર આધારિત ખેલ સહાયકની નિમણૂક માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૨૦ ઓગસ્ટના રોજ ખેલ સહાયકની પરીક્ષા લેવાની જાહેરાત કરાઈ હતી. પરંતુ જેટલી જગ્યા ભરવાની હતી તેની સામે ઓછા ફોર્મ ભરાતા પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હતી. ત્યારબાદ નવી લાયકાત અને મર્યાદામાં વધારો કરી ફરી રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરી હતી. છતાં પણ ૫૦૭૫ જગ્યાની સામે માત્ર ૪૮૯૩ ફોર્મ ભરાયા હતા. આમ, ઓછી સંખ્યામાં ફોર્મ ભરાયા બાદ પણ પરીક્ષા વખતે માત્ર ૩૫૯૧ ઉમેદવારો જ પરીક્ષા આપવા માટે હાજર રહ્યા હતા. દરમ્યાન રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તાજેતરમાં જ ખેલ અભિરૂચી કસોટીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦માંથી ૫૦ ગુણ મેળવનારા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવ્યા હતા. આ નિયમના પગલે પરીક્ષા આપવા ઉપસ્થિત રહેલા ૩૫૯૧ ઉમેદવારો પૈકી ૧૭૮૫ ઉમેદવારો પાસ થવામાં સફળ રહ્યા હતા. જ્યારે ૧૭૫૫ ઉમેદવારો નાપાસ થયા હતા. જો, પાસિંગ ગુણ ૫૦ના બદલે ૩૫ કરવામાં આવે તો કરાર આધારિત ભરતીનો લાભ વધુ ઉમેદવારોને મળી શકે.

# જૂની પેન્શન સ્કીમના ખોટા વાયદા ન કરવા રાજ્યોને RBI દ્વારા ચેતવણી અપાઈ

નવી દિલ્હી, તા.૧૫

દેશના અનેક રાજ્યોમાં જૂની પેન્સન યોજના લાગુ કરવાની માંગ ઉગ્ર બની રહી છે અને આ માટે આંદોલનો થઈ રહ્યા છે તેમજ ઘણા વિપક્ષી શાસિત રાજ્યોએ ઓપીએસને ફરીથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે ત્યારે આરબીઆઈએ રાજ્યોને ચેતવણી આપી છે કે તેઓ જૂની પેન્શન સ્કીમના ખોટા વાયદાઓ ન કરશો. દેશમાં આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાનાર છે અને ચૂંટણી પહેલા જ જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગ કેન્દ્ર અને રાજ્યોમાં વેગ પકડી રહી છે. ઘણા વિપક્ષ શાસિત રાજ્યોમાં ઓપીએસને ફરીથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. બીજી તરફ દેશના અનેક રાજ્યોમાં સરકારી કર્મચારીઓએ જૂની પેન્શન યોજના શરૂ કરવાની ઉગ્ર માંગ કરી છે અનેર ઘણા રાજ્યોમાં ઓપીએસને ફરીથી શરૂ કરવા માટે આંદોલન થઈ રહ્યા છે ત્યારે સામાન્ય ચૂંટણી પહેલા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ રાજ્ય સરકારોને ચેતવણી આપી છે કે તેઓ લોકવાદી વચનો આપવાના નામે જૂની પેન્શન યોજનાઓ શરૂ કરે નહીં. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના મતે જૂની પેન્શન યોજનાથી રાજ્ય સરકારનો ખર્ચ અનેકગણો વધી જશે અને અસહ્ય બની જશે. આરબીઆઈએ પોતાના રિપોર્ટમાં નવી પેન્શન સ્કીમને બદલે જૂની પેન્શન સ્કીમના વચનો ઉપર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે રાજ્ય સરકારોને સલાહ આપી હતી કે જનતાને આકર્ષવા માટે આપવામાં આવેલા વચનોને કારણે રાજ્યો ઉપર નાણાકીય બોજ વધશે. ઓપીએસ સરકારી તિજોરી માટે ખૂબ જ નુકસાનકારક સાબિત થશે. આરબીઆઈએ એક રિપોર્ટમાં રાજ્યોને ચેતવણી આપી છે કે તેઓ ખર્ચ વધારવાને બદલે આવક વધારવા ઉપર ધ્યાન આપે. કેટલાક રાજ્યોએ તાજેતરમાં જૂની પેન્શન યોજનાને ફરીથી શરૂ કરી છે,ર જેમાં રાજસ્થાન, છત્તીસગઢ અને પંજાબનો સમાવેશ થાય છે. તેમજ કર્ણાટકમાં પણ ઓપીએસ લાવવાની ચર્ચા ચાલી રહી છે. આરબીઆઈએ રાજ્યોને નવી પેન્શન યોજના (એનપીએસ) ચાલુ રાખવાની સલાહ આપી છે. આરબીઆઈએ રિપોર્ટ ’સ્ટેટ ફાયનાન્સ સ્ટડી ઓફ બજેટ્સ ઓફ ૨૦૨૩-૨૪’ બહાર પાડતા ચેતવણી આપી હતી કે જો તમામ રાજ્યો ઓપીએસ પાછું લાવે છે, તો તેમના ઉપર નાણાકીય દબાણ લગભગ રૂ. ૪.૫ ગણા સુધી વધી જશે. ઓપીએસ જીડીપી ઉપર નકારાત્મક અસર કરશે. આના ઉપર વધારાના ખર્ચનો બોજ ૨૦૬૦ સુધીમાં જીડીપીના ૦.૯ ટકા સુધી પહોંચી જશે.

# T20 વર્લ્ડ કપની ટીમમાં સ્થાન મેળવવા માટે ભારતીય ખેલાડીઓએ વધુ મહેનત કરવી પડશે

નવીદિલ્હી,તા.૧૫

આવનારા કેટલાક મહિનામાં T20 વર્લ્ડ કપ છે, જેના માટે ટીમ ઈન્ડિયામાં કોનું સ્થાન નિશ્ચિત થશે અને કોનું સ્થાન નિશ્ચિત નહી થાય તે એક મોટો પ્રશ્ન હશે. જો કે કેટલાક એવા ખેલાડીઓ છે જેમના ઉપર ચોક્કસપણે નજર રાખવામાં આવશે અને જેમણે T20 વર્લ્ડ કપની ટિકિટ માટે ‘દમ લગા કે હઈશા’ની તર્જ પર સખત મહેનત કરવી પડશે. હવે સવાલ એ છે કે એવા ખેલાડીઓ કોણ હશે જેમને T20 વર્લ્ડ કપની ટીમમાં સ્થાન મેળવવા માટે સૌથી વધુ મહેનત કરવી પડશે. જો તમે ટીમ ઈન્ડિયા તરફ નજર કરશો, તો તમને માત્ર એક કે બે નહીં પરંતુ લગભગ અડધો ડઝન નામો મળશે. જેમને તમે T20 વર્લ્ડ કપ ૨૦૨૪ની ટીમમાં જોવા ઈચ્છો છો અને લોકોની આશાઓ ઉપર ખરા ઉતરવા માટે તેમને થોડી વધારે મહેનત કરવાની જરૂર છે. હાલમાં ટીમ ઈન્ડિયામાં આવા ખેલાડીઓમાં શ્રેયસ અય્યર, ઋતુરાજ ગાયકવાડ, અર્શદીપ સિંહનો સમાવેશ થાય છે. જેમાં વોશિંગ્ટન સુંદર, મુકેશ કુમાર અને જીતેશ શર્મા જેવા નામ પણ સામેલ છે. આ તમામ ખેલાડીઓ દક્ષિણ આફ્રિકાના વર્તમાન પ્રવાસ ઉપર ટીમ ઈન્ડિયાનો ભાગ છે. આ પહેલા તે ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી ડોમેસ્ટિક T20 સિરીઝમાં પણ રમતા અને પ્રદર્શન કરતા જોવા મળ્યા હતા. પરંતુ શું તે બધા ટીમ ઈન્ડિયાના T20 વર્લ્ડ કપ ૨૦૨૪ના અભિયાનનો ભાગ બની શકશે? આ તમામ ખેલાડીઓના પ્રદર્શનને લઈને આ પ્રશ્ન બહુ ઊભો થતો નથી. કારણ કે તે સ્કેલ ઉપર તે બધા જ્યારે પણ તક મળી ત્યારે તે સાબિત કરી રહ્યા છે. અમે જે પ્રશ્ન ઉઠાવ્યો છે તે એટલા માટે છે કારણ કે ટીમ ઈન્ડિયામાં દરેક સ્થાન માટે સ્પર્ધા મજબૂત બનવા જઈ રહી છે અને જો કે આ બધાની પસંદગી માત્ર પુષ્ટિ થયેલી છે, તે સંપૂર્ણપણે કહી શકાય નહીં. ઋતુરાજ ગાયકવાડ ઓપનિંગ કરે છે પરંતુ ટીમ ઈન્ડિયામાં તે સ્લોટ માટેના દાવેદારો પહેલેથી જ છે. વોશિંગ્ટન સુંદર સ્પિન ઓલરાઉન્ડર છે પરંતુ તેના કરતાં રવિન્દ્ર જાડેજા અને અક્ષર પટેલને પ્રાધાન્ય આપવામાં આવી શકે છે. મુકેશ કુમાર ફાસ્ટ બોલિંગમાં છે પરંતુ બુમરાહ સાથે સિરાજનો કોમ્બો તેના માટે પડકાર રજૂ કરી શકે છે. જીતેશ શર્મા વિકેટકીપર બેટ્સમેન છે પરંતુ ટીમ ઈન્ડિયા પાસે તે સ્લોટમાં રમવા માટે એક કરતા વધુ વિકલ્પો છે.

# સીરપકાંડમાં માત્ર ધો.૧૨ પાસ રાજદીપ ઈથેનોઈલની મદદથી સીરપ બનાવતો હતો

નડિયાદ, તા.૧૫

નડિયાદ નજીક બિલોદરા ગામમાં નશાયુક્ત સીરપ પીતા અત્યાર સુધીમાં સાત વ્યક્તિનાં મોત થયા છે. જો કે, આ આખા પ્રકરણ ઉપરથી પોલીસ વિભાગે પડદો ઊંચકી સાત વ્યક્તિની અટકાયત કરી છે. ત્યારે બીજી બાજુ આયુર્વેદિક સીરપ બનાવવાનું લાયસન્સ આપનાર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની આ કેસમાં નરી બેદરકારી હોવાની ચર્ચા ટોપ ઓફ ડિસ્ટ્રિક્ટ બની છે. ત્યારે આ વિભાગ સામે અત્યાર સુધી કોઈ જાતના પગલાં ભરાયા નથી એ પ્રશ્ન પણ મહત્ત્વનો બન્યો છે માત્ર ધો.૧૨ પાસ વ્યક્તિ થોડું જ્ઞાન મેળવીને આ સીરપ બનાવતો હતો જેના કારણે મોતનું તાંડવ ખેલાયું છે. સમગ્ર રાજ્યને હચમચાવી મૂકેલા નકલી સીરપ કાંડમાં સાત વ્યક્તિનાં મોત સામે ૭ વ્યક્તિની પોલીસે અત્યાર સુધી ધરપકડ કરી છે અને એક બાદ એક રહસ્ય ઉજાગર કર્યા છે. દરમ્યાન જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયાએ પત્રકારોને માહિતી આપતાં કહ્યું કે, બિલોદરા કાંડમાં સીટની રચના કરાઈ છે. સાત આરોપીઓની ધરપકડ હાલ સુધી કરાઈ છે, જેમાં એકના રિમાન્ડ પૂરા થઈ જતા તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે. છ આરોપીઓ હાલ રિમાન્ડ ઉપર છે જેમાંથી બે આરોપીઓ તો ફરધર રિમાન્ડ ઉપર છે. યોગેશ સિંધી નડિયાદ-મહેમદાવાદ રોડ ઉપર મોકમપુરા ખાતે ત્રણ લાયસન્સના આધારે યુનિટ ચલાવતો હતો. આર્યુવેદિક સીરપ બનાવતો અને ઈથેનોલ લાવી ઉમેરતો તે બાબતના પુરાવા પણ મળ્યા છે. યોગેશસિંધી છેલ્લા દોઢ બે વર્ષથી આ ફેક્ટરી ચલાવતો હતો અને યોગેશને આઈડિયા આપનાર ભરત નકુમ હતો. જો કે, હાલ ભરત નકુમ જામખંભાળિયાના એક કેસમાં જેલમાં છે. યોગેશ સિંધીની સાથે વડોદરાના બે વ્યક્તિ ભાવેશ અને નીતિન પણ સંપર્કમાં હતા. યોગેશ બહારથી અને પોતે પણ આ સીરપ બનાવતો હતો તે તેના ફેક્ટરીમાંથી માલૂમ પડ્યું છે આ ઉપરાંત એફએસએલનો પણ રિપોર્ટ આવી ગયો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જરૂર પડશે તો મુંબઈનો તોફીક અને વડોદરાના વડોદરાની બે વ્યક્તિઓ ભાવેશ અને નીતિનના પણ ફરધર રિમાન્ડ માંગવામાં આવશે. રાજદિપવાળા ૧૨ પાસ પણ ટેક્નિકલ જાણાકાર હતો અને મુંબઈનો તોફીક મુકાદમ Bsc ફિઝીક્સ MBA થયેલો છે. તોફીક પાસેથી ઈથેનોઈલ મંગાવી યોગેશ સિંધી પોતાની મોકમપુરા ફેક્ટરીમાં સીરપ બનાવતો હતો. વધુમાં જણાવ્યું કે, માનવ અધિકાર આયોગ દ્વારા પણ જિલ્લા તંત્ર પાસેથી દિન ૨૦મા સમગ્ર ઘટનાના અહેવાલ મંગાયા છે જે સમય મર્યાદામાં પણ મોકલી આપવામાં આવશે. નોંધનીય છે કે, ડ્રગ્સ વિભાગ કોઈ વ્યક્તિને સીરપ બનાવવા માટે લાયસન્સ આપે ત્યારે સમયાંતરે ત્યાં જઈને ચેકિંગ કરવાનું હોય છે પરંતુ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ આવી ચેકિંગ કરવામાં નિષ્ફળ બનતા ખેડા જિલ્લામાં મોતનું તાંડવ ફેલાયું છે. ત્યારે તેમની બેદરકારી નોંધનીય બની ગઈ છે તેવું જાગૃત પ્રજા કહે છે ત્યારે આવા અધિકારી સામે પગલા ભરાય તેવી પણ માંગ છે. દરમ્યાન ખેડા જિલ્લામાં વિવિધ ગામોમાં આ નશાયુક્ત સીરપ ગઈ હોવાની માહિતી પોલિસી વિભાગને મળતા પોલીસે તમામ ગામોમાં ચેકિંગ હાથ ધર્યું હતું અને આવી કોઈ સીરપ આ ગામમાં છે કે નથી તે શોધી કાઢવા માટે તનતોડ મહેનત કરી હતી અને એની સફળતા પણ મળી હતી વિવિધ ગામોમાંથી આવી સીરપો મળી આવી હતી.

# ઈસરો ૨૦૪૦ સુધીમાં પ્રથમ ભારતીય અવકાશયાત્રીને ચંદ્ર ઉપર મોકલશે

(એજન્સી) તા.૧૫

‘ચંદ્રયાન-૩’ ચંદ્ર મિશનની ઐતિહાસિક સફળતા પછી ઈસરો ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર પ્રથમ વખત ભારતીય અવકાશ યાત્રીઓને મોકલવાની તેની યોજનાઓ સાથે સંપૂર્ણ રીતે આગળ વધી રહ્યું છે. ગયા અઠવાડિયે બહાર પાડવામાં આવેલા મનોરમા ઈયરબુક ૨૦૨૪ માટેના એક વિશિષ્ટ લેખમાં સોમનાથે કે જેઓ અવકાશ વિભાગના સચિવ અને સ્પેસ કમિશનના અધ્યક્ષ છે તેમણે જણાવ્યું હતુ કે, “આગળ જોતા, ઈસરો ગગનયાન પ્રોગ્રામ સાથે અવકાશ સંશોધનમાં આગળનું પગલું ભરવાનું લક્ષ્ય રાખે છે, ૨થી ૩ ભારતીય અવકાશયાત્રીઓના ક્રૂને ત્રણ દિવસ સુધી લો અર્થ ઓર્બિટ (L.E.O.)માં મોકલવાનું આયોજન કરે છે અને તેમને પૂર્વ નિર્ધારિત સાઈટ ભારતીય જળમાં ઉપર સુરક્ષિત રીતે પાછા ફરાવશે. હાલમાં તેમને બેંગ્લુરૂમાં એસ્ટ્રોનોટ ટ્રેનિંગ ફેસિલિટી (A.T.F.) ખાતે મિશન વિશિષ્ટ તાલીમ આપવામાં આવી રહી છે.” માનવસહિત અવકાશ મિશન ગગનયાનમાં માનવરેટેડ (માનવોને સુરક્ષિત રીતે પરિવહન કરવામાં સક્ષમ) લોન્ચ વ્હીકલ (H.L.V.M.3), ક્રૂ મોડ્યુલ (C.M.) અને સર્વિસ મોડ્યુલ (S.M.) અને લાઈફ સપોર્ટ સિસ્ટમ્સનો સમાવેશ કરતું ઓર્બિટલ મોડ્યુલ સહિતની જટિલ તકનીકો વિકસાવવાનો સમાવેશ થાય છે. ઈન્ટિગ્રેટેડ એર ડ્રોપ ટેસ્ટ, પેડ એબોર્ટ ઉપરાંત બે સરખા અન-ક્રુડ મિશન (G1 y™u G2). ટેસ્ટ, અને ટેસ્ટ વ્હીકલ ફ્લાઈટ્સ માનવ મિશન પહેલાં હશે. C.M.એ ક્રૂ માટે




અવકાશમાં પૃથ્વી જેવું વાતાવરણ સાથે રહેવા યોગ્ય જગ્યા છે અને સુરક્ષિત પુર્નઃ પ્રવેશ માટે ડિઝાઈન કરવામાં આવી છે. સલામતીના પગલાંમાં કટોકટી માટે ક્રૂ એસ્કેપ સિસ્ટમ (C.E.S.)નો પણ સમાવેશ થાય છે. મલયાલા મનોરમા દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું છે. ટેસ્ટ વ્હીકલ (ટીવી-ડી૧) ની પ્રથમ ડેવલપમેન્ટ ફ્લાઈટ ૨૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ શરૂ કરવામાં આવી હતી અને તેણે ક્રૂ એસ્કેપ સિસ્ટમના ઈન-ફ્લાઈટ એબોર્ટનું સફળતાપૂર્વક નિદર્શન કર્યું હતું, ત્યારબાદ ક્રૂ મોડ્યુલનું વિભાજન અને ભારતીય નૌકાદળ, બંગાળની ખાડીમાંથી તેની સુરક્ષિત પુર્નઃ પ્રાપ્તિ કરશે. સોમનાથે જણાવ્યું હતું કે, “આ પરીક્ષણ ફ્લાઈટની સફળતા અનુગામી માનવરહિત મિશન અને અંતિમ માનવ અવકાશ મિશન માટે નિર્ણાયક હતી, જે ૨૦૨૫માં લોન્ચ થવાની અપેક્ષા છે. આદિત્ય એલ૧, જે ભારતનું પ્રથમ સૌર સંશોધન મિશન છે, તે પણ ઈસરોનું એક મહત્વપૂર્ણ મિશન છે.


## સિંગાપોર રિપબ્લિકના હાઈકમિશનર મુખ્યમંત્રીની સૌજન્ય મુલાકાત

# ગુજરાત સાથે ગ્રીન એમોનિયા-ગ્રીન હાઈડ્રોજન સહિતના ક્ષેત્રે સહભાગીતા માટે સિંગાપોર તત્પર

ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત સિંગાપોર રિપબ્લિકના ભારતસ્થિત હાઈકમિશનર સિમોન વોંગએ ગાંધીનગરમાં લીધી હતી. મુખ્યમંત્રીએ આ બેઠકમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, સિંગાપોર ભારત માટે લાંબા સમયથી ટાઈમ ટેસ્ટેડ ભાગીદાર રહ્યું છે. એટલું જ નહીં, ભારત-સિંગાપોરના આ દ્વિપક્ષીય સંબંધસેતુ ભારતની એક્ટ ઈસ્ટ પોલિસીનો મુખ્ય આધારસ્તંભ છે. મુખ્યમંત્રીએ ભૂપેન્દ્ર પટેલે ગિફ્ટ સિટીમાં સિંગાપોર સ્ટોક એકસચેન્જની ઓફિસ તથા સિંગાપોર ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન સેન્ટર સફળતાપૂર્વક કાર્યરત છે, તેની વિગતો આપી હતી. તેમણે ગુજરાતને ફિનટેક ઉપરાંત રિન્યુએબલ એનર્જી, ધોલેરા ગ્રીન ફિલ્ડ ઈન્ડસ્ટ્રિયલ રિજિયન, ગ્રીન હાઈડ્રોજન તથા ગ્રીન એમોનિયા સેક્ટરમાં પણ વૈશ્વિક હબ બનાવવાની નેમ બેઠકની વાતચીતમાં વ્યક્ત કરી હતી. સિંગાપોર રિપબ્લિકના હાઈકમિશ્નર સિમોન વોંગએ ગુજરાત સાથેના સંબંધોમાં ફિનટેક સાથોસાથ ઈ-મોબિલિટી, ગ્રીન એમોનિયા, ગ્રીન હાઈડ્રોજન, લોજિસ્ટિક્સ તથા ફૂડ પ્રોસેસિંગ જેવા સેક્ટર્સમાં રહેલી નિવેશ તકોનો લાભ લેવાની તત્પરતા દર્શાવી હતી. તેમણે ગુજરાત સેમિ-કન્ડક્ટર પોલિસી તેમ જ ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ અંગે જાણવામાં ઊંડો રસ દર્શાવ્યો હતો. આ સંદર્ભમાં મુખ્ય સચિવ રાજકુમારે ધોલેરા એસ.આઈ.આર. અને સાણંદમાં સેમિ-કન્ડક્ટર ઈન્ડસ્ટ્રી માટે એક સર્વગ્રાહી ઈકોસિસ્ટમ તૈયાર થઈ રહી હોવાની વિગતો આપી હતી. સિંગાપોરના હાઈકમિશનર સિમોન વોંગ સ્પેસ ટેકનોલોજી ક્ષેત્રે ગુજરાતમાં કાર્યરત ઈનસ્પેસની મુલાકાતે તેઓ જવાના છે, તેની માહિતી આપી હતી. આ સેક્ટરમાં પણ ગુજરાતની ભૂમિકા વિશે જાણવાની ઉત્સુકતા દર્શાવી હતી. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં જણાવ્યું કે, અમદાવાદ જિલ્લાના સાણંદમાં સ્પેસ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટરની સ્થાપના માટે રાજ્ય સરકારે ઈન-સ્પેસ સાથે તાજેતરમાં એમ.ઓ.યુ. પણ કરેલા છે. હાઈકમિશનરે જણાવ્યું કે, માઈક્રોન ફેસિલિટી સેન્ટર ઉપરાંત અગ્રગણ્ય ઊદ્યોગગૃહોની ગુજરાત ડેલિગેશનની મુલાકાત ફળદાયી રહી છે અને વાયબ્રન્ટ સમિટ માટેનું પ્રોત્સાહક વાતાવરણ નિર્માણ થયું છે. સિંગાપોર ભૂતકાળમાં વાયબ્રન્ટ સમિટમાં પાર્ટનર રહ્યું છે, ત્યારે આગામી સમિટમાં પણ સિંગાપોરની ભાગીદારી સંબંધોને વ્યાપક બનાવશે એવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી. આ સૌજન્ય મુલાકાત બેઠકમાં મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવ પંકજ જોષી તથા ઊદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.જે. હૈદર પણ જોડાયા હતા.

# બાઈડેન ગણતંત્ર દિવસના મુખ્ય મહેમાન નહીં બને જાન્યુઆરીમાં પ્રસ્તાવિત ક્વાડ શિખર બેઠક મુલત્વી રાખી



નવી દિલ્હી, તા.૧૫

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ભાગ લેવા જાન્યુઆરીમાં ભારતની મુલાકાત લે તેવી અપેક્ષા નથી અને ભારતીય પક્ષ આવતા મહિને યોજનારી ક્વાડ સમિટની સુધારેલી તારીખો પર વિચાર કરી રહી છે. સુત્રોએ જણાવ્યું હતુ કે, હવે સ્પષ્ટ થઈ ગયું છે કે, બાઈડેન આવતા મહિને ભારતની મુલાકાત લેશે નહીં, જેનાથી ભારતીય પક્ષે નવી દિલ્હીમાં યોજાનારી ક્વાડ સમિટ માટે નવી તારીખો શોધવા માટે પ્રેરિત કર્યા છે. ગયા મહિનાની જેમ તાજેતરમાં ક્વાડ રાજ્યોના રાજદ્વારીઓએ જણાવ્યું હતું કે, ૨૭ જાન્યુઆરીએ સમિટ યોજવાનો વિકલ્પ હજી પણ ટેબલ ઉપર છે. લોકોએ કહ્યું કે, ભારતીય પક્ષ હવે ૨૦૨૪ના અંતમાં ક્વાડ સમિટ યોજવાનો પ્રસ્તાવ મૂકે છે. અમે સુધારેલી તારીખો શોધી રહ્યા છીએ કારણ કે, હાલમાં વિચારણા હેઠળની તારીખો બધા ક્વાડ ભાગીદારો સાથે મેળ કરતી નથી એક વ્યક્તિએ કહ્યું. આ ઘટનાક્રમ ભારતીય પક્ષને પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ બનવા માટે નેતાની શોધ કરવાની અસ્વસ્થ સ્થિતિમાં મૂકશે જ્યારે કાર્યક્રમમાં છ અઠવાડિયા કરતાં થોડો વધુ સમય બાકી છે. પ્રજાસત્તાક દિવસના આમંત્રણને ન લેવાના યુએસ વહીવટીતંત્રના નિર્ણય પાછળ ઘણા પરિબળો હોવાનું માનવામાં આવે છે જેમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પુનરૂત્થાન કરાયેલ ઝુંબેશ સામે તેમની પુર્નઃ ચૂંટણીની બિડ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું સામેલ છે. જ્યારે ૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે બાઈડેનને આમંત્રણ આપવા અંગે ભારત સરકાર તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. યુએસ દૂત એરિક ગારસેટીએ સપ્ટેમ્બરમાં પત્રકારોને જણાવ્યું હતું કે, S-20 સમિટ દરમ્યાન બંને નેતાઓએ દ્વિપક્ષીય બેઠક યોજી ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્રપતિ બાઈડેનને આમંત્રણ આપવામાં આવ્યું હતું. પ્રજાસત્તાક દિવસે મુખ્ય અતિથિ તરીકે વિદેશી નેતાને આમંત્રણ એ ભારતના નજીકના સાથી અને ભાગીદારો માટે પ્રતીકાત્મક સન્માન છે. ૨૦૨૧ અને ૨૦૨૨માં કોવિડ-૧૯ રોગચાળાને કારણે થયેલા વિક્ષેપોને કારણે સમારોહમાં કોઈ મુખ્ય મહેમાન નહોતા અને ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતાહ અલ- સીસી આ વર્ષે મુખ્ય અતિથિ હતા.

# ભાજપે MP, રાજસ્થાન, છત્તીસગઢમાં સોશિયલ મીડિયા જાહેરાતો ઉપર કોંગ્રેસ કરતાં વધુ ખર્ચ કર્યો...

નવી દિલ્હી, તા.૧૫

લોકનીતિ-સેન્ટર ફોર ધ સ્ટડી સોસાયટીએ શોધી કાઢ્યું છે કે ભારતીય જનતા પાર્ટીએ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં તાજેતરમાં વિધાનસભાની ચૂંટણી જીતી ભાજપે ત્રણ રાજ્યોમાં કોંગ્રેસ કરતાં સોશિયલ મીડિયાની જાહેરાતો ઉપર નોંધપાત્ર રીતે વધુ ખર્ચ કર્યો છે. આ અભ્યાસ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ ઉપર ખર્ચવામાં આવેલા નાણાં ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ તફાવત બે પક્ષોના સત્તાવાર રાજ્ય એકાઉન્ટ પર સ્પષ્ટપણે દેખાતો હતો (વ્યક્તિગત નેતાઓના એકાઉન્ટ અથવા પક્ષની સામગ્રી પોસ્ટ કરતા કોઈપણ બિન-સત્તાવાર એકાઉન્ટની ગણતરી ન કરવી). કેન્દ્રએ ધ હિન્દુમાં પ્રકાશિત એક લેખમાં નોંધ્યું હતું કે,મધ્યપ્રદેશમાં બંને પક્ષો વચ્ચે ખર્ચમાં સૌથી નાનો તફાવત જોવા મળ્યો. ચૂંટણી પહેલાંના ૯૦ દિવસોમાં [MP] માં ભાજપનો ખર્ચ કોંગ્રેસ કરતાં વધુ હતો. ભાજપે રાજ્યમાં ૯૪ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે, જ્યારે કોંગ્રેસે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જાહેરાતો પાછળ ૯૨ લાખ રૂપિયા ખર્ચ્યા છે. જો કે, દેખીતી રીતે આ એક માત્ર એવા એકાઉન્ટ્સ નથી કે જેઓ રાજકીય જાહેરાતો તરીકે વર્ગીકૃત કરી શકે. અભ્યાસ નોંધે છે કે આવા ટોચના દસ એકાઉન્ટને એકસાથે લેવામાં આવે તો મધ્યપ્રદેશમાં ૧.૧ કરોડ રૂપિયા ખર્ચાયા હતા. છત્તીસગઢમાં ભાજપના સત્તાવાર એકાઉન્ટે ચૂંટણી પહેલાં ૯૦ દિવસમાં ૭૯.૭ લાખ રૂપિયા અને કોંગ્રેસે ૪.૭ લાખ રૂપિયા ખર્ચ્યા હતા. રાજસ્થાનમાં ચૂંટણી પહેલાં ૯૦ દિવસમાં ભાજપે ૯૪ લાખ રૂપિયા અને કોંગ્રેસે ૨.૧૮ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ભાજપે નકારાત્મક જાહેરાતો ઉપર કોંગ્રેસ કરતાં વધુ ખર્ચ કર્યો છે.

## ઓમાનના સુલ્તાન ૧૬ ડિસેમ્બરે ભારતના પ્રવાસે

(એજન્સી) તા.૧૫

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, ઓમાન સલ્તનતના પ્રમુખ સુલ્તાન હૈથમ બિન તારિક વરિષ્ઠ મંત્રીઓ અને અધિકારીઓના એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળની સાથે ૧૬ ડિસેમ્બરે રાજકીય પ્રવાસે ભારત આવશે. સત્તાવાર નિવેદન મુજબ આ ઓમાનના સુલ્તાન હૈથમ બિન તારિકનો ભારતનો પ્રથમ રાજકીય પ્રવાસ હશે અને આ ભારત અને ઓમાન સલ્તનતની વચ્ચે રાજદ્વારી સંબંધોમાં એક મહત્ત્વપૂર્ણ માઈલ સ્ટોન છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના આમંત્રણ ઉપર ઓમાનના સુલ્તાન ભારત આવશે અને રાષ્ટ્રપતિ ભવનમાં વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ મુર્મુ તેમનું ઔપચારિક સ્વાગત કરશે. પોતાના પ્રવાસ દરમ્યાન વડાપ્રધાન મોદીની દ્વિપક્ષીય ચર્ચા પણ કરશે જે તેમના સન્માનમાં બપોરના ભોજનની યજમાની પણ કરશે તેમ પ્રેસ નિવેદનમાં જણાવાયું છે.

# જૂનાગઢ કલેક્ટર કચેરી ખાતે જિલ્લાની ૨૨ બેંકોના અધિકારીઓની ત્રિમાસિક બેઠક યોજાઈ




જૂનાગઢ તા ૧૫

કલેકટર કચેરીના સભાખંડમાં લીડબેંક એટલે કે સ્ટેટ બેક્ક ઓફ ઈન્ડિયાની આગેવાનીમાં અને નિવાસી અધિક કલેકટર શ્રી પી.જી.પટેલ ની અધ્યક્ષતામાં ત્રિમાસિક સમયગાળાની ડી.એમ.સી , ડી.એલ.સી.સી અને ડી એલ આર સી ની બેઠક મળી હતી. આ બેઠકમાં સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી જનધન યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, જીવન જ્યોત વીમા યોજના, પ્રધાનમંત્રી મુદ્રા યોજના, વાજપેયી બેક્કેબલ યોજના, પ્રધાનમંત્રી માઈક્રો ફૂડ પ્રોસેસિંગ યુનિટ યોજના, સહિતની વિવિધ યોજના ઓ માં નાણાકીય ધિરાણ કરતી બાબતોને લક્ષમાં રાખીને બેંકો સાથે થયેલ કામગીરી સમીક્ષા અને મૂલ્યાંકન સંદર્ભે ત્રિમાસિક સમયગાળાની બેઠક યોજવામાં આવી હતીતેમજ એફપીઓ ની પ્રોગ્રેસ સમીક્ષા, ત્રીમાસીક ૧૪ એફપીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં લીડ બેંકના મેનેજર શ્રી ગણપત રાઠવા એ બેંકો દ્વારા એચીવ કરેલ લક્ષ્યાંકોની વિગતો આપી હતી. તેમજજૂનાગઢ જિલ્લામાં બેંકો દ્વારા ત્રિમાસિક સમયગાળા દરમિયાન ૬૨૪ કરોડ રૂપિયાની ડિપોઝિટ થઈ હોવાનું અને ૬૫૨ કરોડ લોન લક્ષિત હોવાની વાત રજૂ કરી હતી. કૃષિ ક્ષેત્રે ૨૦૭ કરોડનું ધિરાણ નિશ્ચિત કરાયું હતું. જનધન યોજનામાં ૮૬૩૮ નવા એકાઉન્ટ ખોલાયા. જૂનાગઢ જિલ્લામાં અલગ અલગ ક્ષેત્રની ૨૨ જેટલી બેંકો પોતાની બ્રાન્ચો કાર્યરત કરીને સેવારત છે. ત્યારે સરકારશ્રીની ગ્રામીણ ક્ષેત્રે યોજનાઓની અમલવારી સુચારુ રીતે અમલીકરણ થાય તે દિશામાં અધિક નિવાસી કલેકટર પી.જી. પટેલે બેક્ક અધિકારીઓને જરૂરી નિર્દેશો કર્યા હતા. સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક દ્વારા અન્ય બેંકોની તુલનામાં સરકારશ્રીની કલ્યાણકારી યોજનાના ધિરાણ ક્ષેત્રે અવલ સિદ્ધિ હાસલ કરી હોવાની વાત રજૂ કરાઈ હતી. આ તકે વર્ષ ૨૦૨૪-૨૫ વર્ષના પ્લાનીંગ બુકનું પણ વીમોચન કરવામાં આવ્યું હતુ.

આ તકે નાબાર્ડ યુનિટ મેનેજર શ્રી કિરણ રાઊત દ્વારા FPO ની કેપિટલ વધારો, અને પ્રાકૃતિક ખેતી સાથે એફપીઓના સંધાન વિષયે સમીક્ષા કરી હતી. આર સેટ્ટી નિયામક પ્રશાંત ગોહેલ, લીડબેંકના મેનેજર તથા અન્ય બેક્કના પ્રતિનિધિઓ, જિલ્લા ખેતીવાડી અધિકારી ગોંડલીયા, જિલ્લા પશુપાલન નિયામક શ્રી વિરલ આહિર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર શ્રી, સ્વસહાય જૂથ નાં મેનેજર રેખા અઘેરા, સહિત વિવિધ બેંકના મેનેજર આ બેઠકમાં ઉપસ્થિત રહી અને ત્રિમાસિક સમયગાળા દરમિયાન બેંકો દ્વારા થયેલ સિદ્ધિઓની વાત રજૂ કરવામાં આવી હતી અને સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ આમ જનતા સુધી અંત્યોદય વ્યક્તિને લાભ મળી શકે તે દિશામાં બેંકો સક્ષમ રીતે આગળ વધી રહી હોવાની વાત રજૂ કરવામાં આવી હતી.

# ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયાની ઉપસ્થિતિમાં મોટી ધણેજ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા સંપન્ન

## સરકારશ્રીની જન કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કરતા ધારાસભ્ય



જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ જિલ્લાના માળીયાહાટીના તાલુકાના મોટી ધણેજ ગામે ધારાસભ્ય શ્રી ભગવાનજીભાઈ કરગઠિયા ની પ્રેરક ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાય હતી. ધારાસભ્યશ્રીએ આ પ્રસંગે ગ્રામજનોને કેન્દ્ર અને રાજ્ય સરકાર જનકલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. સાથે જ પીએમજેએવાય કાર્ડ,સોઈલ હેલ્થ કાર્ડ સહિતની યોજનાઓના લાભાર્થીઓને સહાય કીટ વિતરણ કરી હતી. આ પ્રસંગે લોકોને પ્રાકૃતિક કૃષિ અંગે પણ જાગૃત કરાયા હતા. કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોએ રથના માધ્યમથી વિકાસની ઝાંખી રજૂ કરતી ફિલ્મ નીહાળી હતી.


વિકસિત ભારત સંકલ્પ યાત્રાના કાર્યક્રમમાં લાભાર્થીઓ દ્વારા મેરી કહાની, મેરી જુબાની અંતર્ગત સાફલ્ય ગાથા વર્ણવી ઉપસ્થિત અન્ય ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓના લાભો લેવા પ્રેરિત કર્યા હતા. ગ્રામજનોએ પ્રધાનમંત્રીશ્રીનો વિકસિત ભારત સંકલ્પ સંદેશ સાંભળવાની સાથે વિકાસલક્ષી ટુંકી ફિલ્મ નિહાળી હતી.

કાર્યક્રમ દરમિયાન વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા હરઘર જલ યોજના, આઈસીડીસએસ દ્વારા કાર્યરત વિવિધ યોજનાઓ,આરોગ્ય ને લગતી વિવિધ યોજનાઓની માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે સરપંચશ્રી,ગામના તલાટી-કમ-મંત્રીશ્રી, અન્ય વિભાગના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથ મહાદેવના સાનિધ્યે ચાલતા સામુહિક રામનામ મંત્ર લેખનમાં ૪૨ દિવસમાં ૮૭ લાખ મંત્રોનું લેખન સંપન્ન થયું

**આ કાર્યમાં સોમનાથ આવતા પ્રવાસીઓ ઉપરાંત શ્રી સોમપુરા બ્રાહ્મણ સમાજના ભૂદેવો સહભાગી બન્યા**

**સોમનાથ મંદિર ટ્રસ્ટએ ૧ કરોડ ૧૧ લાખ મંત્ર લેખનનો સંકલ્પ કર્યો છે તેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, અભિનેત્રી કંગના સહિત અનેક મહાનુભાવોએ રામ નામનું લેખન કર્યુ**



વેરાવળ તા.૧૫

પ્રથમ જ્યોતિલગ સોમનાથ મંદિર અને અયોધ્યાનું નવનિર્મિત શ્રી રામ મંદિર ઐતિહાસિક મહત્વની સાથે સામ્યતા ધરાવે છે. સદીઓના ખંડન બાદ પુનઃસર્જનની અદ્વિતીય ગાથા સોમનાથ અને અયોધ્યાના રામ મંદિરને એકાત્મના તાંતણે જોડે છે. સોમનાથની ભૂમિ પરથી જ શ્રી રામ મંદિરના પુનઃ નિર્માણના સંકલ્પનો પ્રારંભ થયેલો હતો. જ્યારે અયોધ્યા ખાતે શ્રી રામ મંદિર નિર્માણ પૂર્ણ થયે પ્રાણ પ્રતિષ્ઠા થવાના આગામી પાવન પ્રસંગે સોમનાથ ખાતે ભક્તો દ્વારા લખાયેલા રામનામ ગ્રંથો અયોધ્યા અર્પણ કરવાનું આયોજન સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. જેને સોમનાથ થી અયોધ્યા શ્રી રામ નામ મંત્ર લેખન મહાયજ્ઞા નામ આપવામાં આવ્યું છે. આ મહાયજ્ઞામાં પ્રભાસતીર્થના સોમપુરા તીર્થપુરોહિતો સામુહિક રીતે સંમેલીત થયા છે. જય શ્રી રામ ના નાદ સાથે આજે સોમપુરા તીર્થપુરોહિતો સોમનાથ સ્થિત રામમંદિર ખાતે પહોંચ્યા હતા અને રામનામ મંત્ર લેખન કરી મહાયજ્ઞામાં આહુતી અર્પણ કર્યાની અનુભૂતિ પ્રાપ્ત કરી હતી.

આ અંગે સોમનાથ ટ્રસ્ટના ઈન્ચાર્જ જીએમ અજય દુબેના જણાવ્યા મુજબ મંદિર ટ્રસ્ટ દ્વારા ૧ કરોડ ૧૧ લાખ રામનામ મંત્ર લેખન લખાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. આ કાર્યનો સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ એવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌપ્રથમ પોતે રામ નામ લેખન લખીને પ્રારંભ કરાવ્યો હતો. સોમનાથ સાનિધ્યમાં ભગવાન શ્રી રામ મંદિરમાં દરરોજ સવારે ૭.૩૦ વાગ્યાથી સાંજે ૮ વાગ્યા સુધી આ મંત્ર લેખન મહાયજ્ઞ ચાલે છે. જેમાં દર્શનાર્થે આવતા સ્થાનિકો સહિત દેશ વિદેશમાંથી આવનારા ભક્તો, સાધુ સંતો, રાજકીય સામાજીક આગેવાનો સહિત સમાજ ના દરેક વર્ગ ના લોકો શ્રી રામ મંદિર ખાતે સભા મંડપમાં બેસીને શ્રી રામ નામ મંત્ર લેખન સેવા કરીને અયોધ્યા શ્રી રામ મંદિર પુનઃનિર્માણની ક્ષણના સાક્ષી બની રહ્યા છે. જેમાં અત્યાર સુધીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, અભિનેત્રી કંગના રાણોત, સાંઈરામ દવે સહિતના મહાનુભાવોએ રામ નામ મંત્રનું લેખન કરી સહભાગી બન્યા છે. જેમાં ૪૨ દિવસમાં ૮૭ લાખ રામ નામ મંત્રોનું લેખન સંપન્ન થયું છે. સંકલ્પ મુજબ ૧ કરોડ ૧૧ લાખ મંત્ર લેખન સંપન્ન થયા બાદ રામ મંત્ર લખેલ બુકો પ્રાણ પ્રતિષ્ઠા પહેલા અયોધ્યા રામ મંદિરએ મોકલવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સોમનાથમાં શ્રી રામ નામ મંત્ર લેખનનો વિશેષ મહિમા એટલા માટે છે કે પ્રથમ જ્યોતિલગ સોમનાથ મહાદેવ જ્યાં બિરાજમાન છે જ્યાં ભગવાન શ્રી કૃષ્ણએ પોતાની માનવલીલાને વિરામ આપ્યો હતો એવી પ્રભાસની આ પવિત્ર ભૂમિ પર પ્રભુ શ્રી રામનાં આગમનનો પણ સ્કંદ પુરાણમાં ઉલ્લેખ જોવા મળે છે.

## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, સરદાર સ્મૃતિ કેન્દ્ર, દ્વારા

# ખેડૂત મહિલાઓ માટે બેકરી તાલીમ કાર્યક્રમ રાણપુર ખાતે યોજાયો



જૂનાગઢ,તા.૧૫

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો.વી.પી. ચોવટીયાની પ્રેરણાથી અને વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડો.એન.બી.જાદવ ના માર્ગદર્શન થી સરદાર સ્મૃતિ કેન્દ્ર, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી કચેરી, જૂનાગઢ દ્વારા ભેંસાણ તાલુકાના રાણપુર ખાતે ઓફ કેમ્પસ બેકરી તાલીમનું આયોજન કરવામાં આવ્યુ હતું. તેમાં ડો.એસ.જે.દોંગાએ પ્રારંભિક ઉદબોધન કરી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં થતી પ્રવૃતિઓ જેવી કે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ઉપરાંત કેન્દ્રીય તાલીમ વિષે બહેનોને માર્ગદર્શન આપ્યું હતું. ત્યાર બાદ ડો.ડી.એસ.ઠાકર એ બેકરી શાળામાં ચાલતા વિવિધ કોર્ષ વિષે માહિતી આપી બહેનોને માહિતગાર કર્યા હતા. તેમજ નાનાપાયે પોતાની બેકરી બનાવવા જરૂરી માર્ગદર્શન આપી બહેનોને પ્રેરિત કર્યા હતા. બહેનો સમક્ષ બેકરી વાનગી જેવી કે કપકેક તેમજ નાનખટાઈ બાનવીને શીખવી અને બેકરીને લગતા બહેનોના પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતુ.

આ તાલીમ કાર્યક્રમનું સમાપન ડો. ડી.એસ. ઠાકર એ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સરદાર સ્મૃતિ કેન્દ્રના ડો.એમ.કે.જાડેજા અને ડો.એસ.જે.દોંગા તથા સ્ટાફએ જેહમત ઉઠાવી હતી.

# કોડીનારમાં દરિયાઈ વિસ્તારમાં ગેર કાયદેસર ડીઝલના જથ્થા સાથે ૩ શખ્સો પકડાયા

**૨૨૨૫ લીટર ડીઝલ સાથે કુલ રૂા.૪૫૨૯૭૦ ના મુદ્દામાલ કબ્જે કરાયો**




(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૫

કોડીનાર ના દરિયાઈ વિસ્તારમાં ગેરકાયદેસર શંકાસ્પદ ડિઝલના મોટા જથ્થા સાથે ત્રણ શખ્સોને એલ.સી.બી.એ પકડી પાડતાં ચકચાર મચી છે. આ અંગેની વિગત મુજબ ગીર સોમનાથ એલ.સી.બી.ના પી.આઈ. એસ.એમ.ઈશરાણીના માર્ગદર્શન મુજબ પો. સબ ઈન્સ. વી.કે.ઝાલા તથા ટીમના માણસો નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન એ.એસ.આઈ. શૈલેષભાઈ ડોડીયા તથા પો. હેડ કોન્સ. લલિતભાઈ ચુડાસમા, પ્રફુલભાઈ વાઢેર તથા ઉદયસિંહ સોલંકીને કોડીનાર મુળદ્વારકા બંદર ખાડી વિસ્તારમાં અમુક લોકો ડીઝલની હેરફેર કરતા હોવાની બાતમી મળતા મૂળદ્વારકા બંદરે જઈ બાતમી વાળી જગ્યાએ રેડ કરતા હસન હુસેન સંધી રહે.ઉના, જુનેદ અલીમહમદ કચ્છી રહે.કોડીનાર અને વલી હસન કુરેશી રહે.કોડીનાર પાસેથી ગેરકાયદેસર શંકાસ્પદ ૨૨૨૫ લીટર ડીઝલનો મોટો જથ્થો મળી આવતા આ ડિઝલના આધાર પુરાવા માંગતા તેમની પાસે કોઈ આધાર પુરાવાઓ ન હોય અને આ શખ્સો શાપોરજી પાલોનજી તથા અંબુજા સિમેન્ટ જેવી ખાનગી કંપનીઓના ટ્રાન્સપોર્ટેશન માટે દરિયામાં ચાલતા જહાજોમાં કામ કરતા કર્મચારીઓની મિલી ભગતથી જહાજોમાંથી ચોરી છુપીથી ડિઝલ કાઢી લઈ સસ્તા ભાવે મેળવી માર્કેટ વેલ્યુ કરતા ઓછા ભાવે બજારમાં વેચવાનો ધંધો કરતા હોવાનું તપાસમાં જણાતા એલ.સી.બી.એ ૨૨૨૫ લીટર ડીઝલ કીંમત રૂા.૨૦૦૨૫૦ અને ડીઝલની હેરફેર કરવામાં ઉપયોગ કરેલ બોલેરો નં.GJ 18 AT 1843 અને મોટર બાઈક નં.GJ 31R 9797 સહિત કુલ રૂા.૪૫૨૯૭૦ ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત ત્રણેય શખ્સોને પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

## કેશોદ તાલુકાનો

# સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૭ ડિસેમ્બરે યોજાશે

જૂનાગઢ તા.૧૫

મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે અને તાલુકા કક્ષાના પ્રશ્નોના ઉકેલ માટે લોકોએ તેમની ફરિયાદ રજૂ કરવા માટે ઉચ્ચ કક્ષા સુધી ન જવું પડે તે માટે તાલુકા કક્ષાએ સ્વાગત ઓનલાઈન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કેશોદ તાલુકા માટે તા.૨૭/૧૨/૨૦૨૩ના સવારે ૧૧ કલાકે મામલતદાર કચેરી, કેશોદ તાલુકા સેવા સદન,માંગરોળ રોડ, કેશોદ ખાતે તથા ગ્રામ્ય કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ સંબંધિત ગ્રામ પંચાયત કચેરી ખાતે યોજાનાર છે.

# વિકસીત ભારત સંકલ્પ યાત્રા ઉના પહોંચતા ભવ્ય સ્વાગત કરાયું



ઉના તા. ૧૫

ગુજરાતના પનોતા પુત્ર અને દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર સરકારના નવ વર્ષ પૂર્ણ થતા સમગ્ર દેશમાં થયેલા ઐતિહાસિક વિકાસ કામોની ગાથા ને વર્ણવતી વિકસિત ભારત સંકલ્પ યાત્રા ઉનાના યોગા કેન્દ્ર ખાતે પહોંચી હતી જ્યાં ઉનાના ધારાસભ્ય શ્રી કાળુભાઈ રાઠોડએ આ યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું હતું. કાળુભાઈ રાઠોડનું પુષ્પગુચ્છ આપી અને સન્માન કરવામાં આવ્યું ત્યારબાદ શાળાના બાળકો દ્વારા પરફોર્મન્સ કરવામાં આવ્યું અને કેન્દ્ર સરકારની લોક કલ્યાણ રૂપી જુદી-જુદી યોજનાઓ જેમાં (૧)પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજના (૨)પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (૩)પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (૪)દિન દયાળ અંત્યોદય યોજના (૫)પ્રધાનમંત્રી આવાસ યોજના (૬)પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના (૭)પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના (૮)કિસાન ક્રેડિટ કાર્ડ (૯)પ્રધાનમંત્રી પોષણ આહાર યોજના (૧૦)વાસ્મો યોજના (૧૧)સ્વામીત્વ યોજના (૧૨)જન ધન યોજના (૧૩)પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના (૧૪) પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (૧૫) પ્રધાનમંત્રી અટલ પેન્શન યોજના (૧૬) પ્રધાનમંત્રી પ્રણામ યોજના (૧૭) નેનો ફર્ટિલાઈઝર યોજના આ તમામ યોજનાઓના લાભો છેવાડાના નાગરિકોને સ્થળ ઉપર જ તુરંત પહોંચાડવાની કામગીરી કરવામાં આવી હતી .આ સંકલ્પ યાત્રામાં ગીર સોમનાથ જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, ઉના નગરપાલિકા પ્રમુખ, પરેશભાઈ બાંભણીયા, ઉના નગરપાલિકા ઉપપ્રમુખના પ્રતિનિધિ મયંકભાઈ જોષી,નગરપાલિકા સદસ્ય વિજયભાઈ રાઠોડ, યુવા મોરચા પ્રમુખ સંજયભાઈ બાંભણીયા, શહેર ભાજપ મહામંત્રી સુનીલભાઈ મુલચંદાણી નગરપાલિકાના સદસ્યઓ સહિતના આગેવાનો લોકો અને અધિકારીગણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રેલ્વે ડિવિઝન ભાવનગર દ્વારા વેરાવળ તેમજ સોમનાથને જોડતી વધુ એક ટ્રેન ફાળવવામાં આવી

વેરાવળ તા. ૧૫

સૌરાષ્ટ્રના રેલ્વે ડિવિઝન ભાવનગર દ્વારા વેરાવળ તેમજ સોમનાથને જોડતી વધુ એક ટ્રેન ફાળવવામાં આવી છે. આ તકે રેલવે કન્સલેટ કમિટીના મુકેશભાઈ ચોલેરાએ જણાવેલ કે છેલ્લા ઘણા સમયથી રેલ્વે મંત્રી તેમજ સાંસદ રાજેશભાઈ ચુડાસમા અને મુખ્ય રેલ્વે DRM મુસ્કુદ એહમદ ડિવિઝન મેનેજરને રજૂઆતોના અંતે સોમનાથને જોડતી ટ્રેનોને ડાયવર્ઝન કરી વેરાવળ તેમજ પોરબંદર સુધી લંબાવવામાં આવી છે. ગુજરાતની જનતાની માંગણીઓને ધ્યાનમાં લઈને નીચે મુજબની ટ્રેનોનું ડાયવર્ઝન/ વિસ્તરણ કરવામાં આવ્યું છે. ટ્રેન નંબર ૦૯૫૬૮/૬૫ ભાવનગર-જેતલસર પેસેન્જરને પોરબંદર સુધી લાંબાવવામાં આવી છે. ટ્રેન નંબર ૦૯૫૬૬/૬૭ ભાવનગર-જેતલસર પેસેન્જરને વેરાવળ સુધી લાંબાવવામાં આવી છે. ૧૯૨૦૭/૦૮ પોરબંદર-વેરાવળ એક્સપ્રેસનું ડાયવર્ઝન વાયા જેતલસરથી રાજકોટ સુધી કરવામાં આવ્યું છે. રેલવે યાત્રી કન્સલ્ટ સમિતિના સભ્યોએ ડાયવર્ઝન થતી ટ્રેનોને સોમનાથ વેરાવળ સુધી લંબાવતા આનંદ સાથે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધોલેરા SIRના ગ્રીનફિલ્ડ ઈન્ડસ્ટ્રીયલ સ્માર્ટસીટી તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામોની પ્રગતિનું નિરીક્ષણ કર્યું



## ફેઝ-૧નું ૯૫ ટકા પ્રોજેક્ટ કાર્ય પૂર્ણ-ગ્લોબલ ઈકો સિસ્ટમ દ્વારા ઈન્વેસ્ટમેન્ટ માટેની નવી તકો ખોલવા સજ્જ થતું ધોલેરા

ગાંધીનગર તા.૧૫

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટ્મેન્ટ રિજિયનની મુલાકાત લઈને આ ગ્રીનફિલ્ડ ઈન્ડસ્ટ્રીયલ સ્માર્ટસિટીમાં નિર્માણાધિન ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્ક અને અન્ય પ્રોજેક્ટ્સની ગતિવિધીઓ પ્રત્યક્ષ નિહાળી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ધોલેરાને વર્લ્ડક્લાસ સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટનું મોડલ બનાવવાનું જે વિઝન વિકસાવ્યું છે તેને અનુરૂપ સ્ટેટ ઓફ ધ આર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અહીં ઝડપથી વિકસાવાઈ રહ્યું છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુરુવારે સવારે આ ધોલેરા SIRની સ્થળ મુલાકાત લઈને ફેઝ-૧ ના ૨૨.૫૪ ચોરસ કિલોમીટરના એક્ટિવેશન એરિયામાં હાથ ધરાઈ રહેલી કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. ફેઝ-૧નું ૯૫ ટકાથી વધુનું કામ પૂર્ણ થઈ ગયું છે અને હવે ગ્લોબલ ઈકોસિસ્ટમ દ્વારા ઈન્વેસ્ટમેન્ટ માટેની નવી તકો ખોલવા ધોલેરા સજ્જ થયું છે તેની વિશદ જાણકારી મુખ્યમંત્રી એ મેળવી હતી.

ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયનમાં અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાના ૨૨ ગામોને અને ૯૨૦ ચો.કિમીના વિસ્તારને આવરી લેવાયા છે.

એટલું જ નહીં, આ વેલ પ્લાન્ડ સિટીમાં વર્લ્ડ ક્લાસ કોર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ છે. ડેડીકેટેડ અંડર ગ્રાઉન્ડ સર્વિસ કોરીડોર સાથે ૭૨ કિલોમીટરનું મજબૂત ઈન્ટર્નલ રોડ નેટવર્ક, ૧૫૦ MLD પાણી પુરવઠો જેવી સગવડ સાથે સ્કિલ્ડ અને સેમી સ્કીલ્ડ મળી વિશાળ રોજગારીની તકો ઊભી કરવામાં પણ આ સ્માર્ટ્સિટી મદદરૂપ બનશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફેઝ-૧ એક્ટીવેશન એરિયાની મુલાકાત બાદ ઉચ્ચસ્તરીય બેઠકમાં સમગ્ર પ્રોજેક્ટની કામગીરી સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં પ્રસ્તુત થયેલા પ્રેઝન્ટેશન અને ચર્ચા દરમિયાન જણાવવામાં આવ્યું કે, ધોલેરા અતિ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિશાળ લેન્ડ પાર્સલ સાથે ડિફેન્સ એન્ડ એરોસ્પેસ, એન્જિનિયરિંગ, ઓટો એન્ડ ઓટો એન્સિલરીઝ, ફાર્માસ્યુટિકલ, એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ, રેન્યુએબલ એનર્જી તથા આઈ.ટી. અને ઈલેક્ટ્રોનિક્સ સેક્ટરના ઉદ્યોગો માટે પણ સાનુકૂળ લોકેશન છે.

મુખ્યમંત્રી એ સેમીકંડક્ટર અને ડિસ્પ્લે ફેસેલિટીઝ તથા ગ્રીન હાઈડ્રોજન જેવા નવા ક્ષેત્રોના ઉદ્યોગો માટે પણ ધોલેરામાં રહેલી વિપુલ સંભાવનાઓ અંગેની જાણકારી મેળવી હતી.

ધોલેરા વેસ્ટર્ન ડેડીકેટેડ ફ્રેટ કોરિડોરના ક્લસ્ટર વિકાસ માટે પણ મહત્વપૂર્ણ બન્યું છે અને નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ કોર્પોરેશન આ પ્રોજેક્ટ સાકાર કરવામાં ઈનિશ્યેટીવ લઈ રહ્યું છે, તેની પણ વિગતો મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ સ્માર્ટ સિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર્સમાં નેક્સ્ટ જનરેશન ટેકનોલોજી ડેવલપમેન્ટ દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટને પ્રેરિત કરવામાં મહત્વનું યોગદાન આપશે તેમ પણ મુખ્યમંત્રી ની ધોલેરા પ્રોજેકટની સ્થળ મુલાકાત દરમિયાન તેમને જણાવવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતજ૨૦૪૭ અને આત્મનિર્ભર ભારતના આપેલા આહવાનમાં ધોલેરા SIR વિશ્વ કક્ષાના ઉદ્યોગોની પ્રેઝન્સ સાથે ઝડપથી સજ્જ બને તે માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

મુખ્યમંત્રી સાથે આ મુલાકાતમાં મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રી ના મુખ્ય અગ્ર સચિવ કૈલાશનાથન, સલાહકાર એસ.એસ રાઠૌર, અધિક મુખ્ય સચિવ પંકજ જોષી તથા ધોલેરા SIRના સીઈઓ સુપ્રીત ગુલાટી અને વરિષ્ઠ સચિવો પણ જોડાયા હતા.

# આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે રાજ્યની સંપૂર્ણ સરકારી પ્રથમ ઓડિયોલોજી એન્ડ સ્પીચ લેંગવેજ પેથોલોજી કોલેજનું કરાયું લોકાર્પણ



ગાંધીનગર તા.૧૫

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે અમદાવાદ સિવિલ મેડીસીટીની સરકારી સ્પાઈન ઈન્સ્ટિટયૂટ ખાતે ગુજરાતની સંપૂર્ણ સરકારી પ્રથમ ઓડિયોલોજી અને સ્પીચ લેંગ્વેજ પેથોલોજી કોલેજનું લોકાર્પણ કરાયું હતું.

આ પ્રસંગે મેયર પ્રતિભા જૈન તથા અસારવાના ધારાસભ્ય શ્રીમતી દર્શનાબહેન વાઘેલા પણ ઉપસ્થિત રહ્યા હતા. અંદાજિત રૂપિયા ત્રણ કરોડના ખર્ચે તૈયાર થયેલ આ કૉલેજ શ્રવણ દોષ, સાંભળી ન શકતા બાળકો માટે વરદાન સાબિત થશે.

બાલ્યાવસ્થાના વાણી અને ભાષાના ડીસોડર્સ, ડેવલોપમેન્ટ લેંગ્વેજ, અવાજના રોગ, તોતડાપાડાની સમસ્યા, વચાઘાત, ખોરાક ગડવાની તકલીફ, સમજવાની તકલીફ અવાજ ન નીકળવો, સંભળાવવાની નસ અને મધ્યકર્ણની તકલીફો જેવી તપાસ નિદાન અને સારવારમાં કારગર સાબિત થશે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની પ્રથમ મેડીસિટીના નવ રત્નો પૈકીની સરકારી સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ અને પેરાપ્લેઝીયા મણકાના દર્દીઓ તેમજ દિવ્યાંગજનો માટે અલાયદું કાર્ય કરતી સંસ્થા છે. આ સંસ્થા રાજ્યની અન્ય સંસ્થાઓ માટે રોલ મોડલ બની રહેશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રી પદના કાર્યકાળ દરમિયાન સિવિલ મેડીસિટીના જોયેલા સ્વપ્નના ફળ આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની સરકારમાં મળી રહ્યા છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, અમદાવાદ સિવિલ મેડીસિટીમાં તમામ વિભાગોમાં ગુજરાતના જ નહીં પરંતુ પાડોશી રાજ્યોના દર્દીઓ પણ સારવાર લઈ રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, નવજાત બાળકોમાં શ્રવણદોષ કે વાણી અને ભાષાની સમસ્યા હોય તેમના માતા પિતા ચિંતિત રહેતા હોય છે ત્યારે આ ચિંતા દૂર કરવાનું કામ રાજ્ય સરકાર કરી રહી છે. સાથે આવા બાળકોનું ભવિષ્ય પણ ઉજ્જવળ બનાવવાનું કાર્ય સરકાર કરી રહી છે. તેમણે એવું પણ ઉમેર્યું હતું કે, ભવિષ્યમાં જે રેડીયોલોજીસ્ટ તૈયાર થઈ રહ્યા છે તેમની માટે પણ રાજ્ય સરકાર વિચારી રહી છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષમાં રાજ્યમાં ૩૦૦૦થી વધુ બાળકોની કોકલીયર ઈમપ્લાન્ટ સર્જરી વિનામૂલ્યે કરાઈ છે. આવી સર્જરીનો ખર્ચ પ્રત્યેક દર્દી અંદાજિત રૂ. ૭ લાખ જેટલો થાય છે. મંત્રીશ્રીએ વધુ ઉમેરતાં કહ્યું કે, સરકાર અને સમાજ બંનેના સહયોગથી જ વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતનું નિર્માણ થશે. આજે સરકારની જનકલ્યાણકારી યોજનાઓ આપને દ્વાર આવી રહી છે. મંત્રીશ્રીએ કહ્યું કે, મેડિકલ ટુરિઝમ જેવો શબ્દ પહેલીવાર બન્યો છે તેનું કારણ એ છે કે, મેડિકલ ક્ષેત્રે રાજ્યમાં અનેક કાર્યો થઈ રહ્યા છે. આ પ્રસંગે મંત્રીશ્રીએ કોકલીયર ઈમ્પ્લાન્ટ કરેલ નવજાત બાળકો સાથે સંવાદ સાધ્યો હતો.

સરકારી સ્પાઈન ઈન્સ્ટીટ્યુટના ડાયરેક્ટર ડૉ. પિયુષ મિત્તલે સંસ્થાની કામગીરી, પ્રગતિ, ભાવિ આયોજન થી મંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા.

આ પ્રસંગે આરોગ્ય વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર ડૉ. જયેશ સચદેવ, મેડીસિટીના વિવિધ હોસ્પિટલના ડાયરેકટર, સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ, મેડિકલ કોલેજના ડીન ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના તાલુકા પંચાયત સેવા સદન શહેરની નજીક બનાવવા માંગ

(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૫

ઉના તાલુકા પંચાયત સેવા સદન શહેરની મધ્યયમાં ટાવર ચોક વિસ્તારમાં હતી.આ બિલ્ડીંગ અતિ જર્જરીત થતા આ બિલ્ડીંગ શહેર ના બાયપાસ પાસે લામધાર ના પાટીયા પાસે સમાજ કલ્યાણ વિભાગની છાત્રાલય મા સ્થળાંતર કરવામાં આવેલ છે.તાલુકા પંચાયત સેવા સદનનું નવુ બિલ્ડીંગ શહેરથી ખુબ જ દુર બનાવવાનું આયોજન થઈ રહયુ છે.ત્યારે અરજદારોને ખુબ જ મુશ્કેલીઓ પડી શકે તેમ છે.ગ્રામ્ય વિસ્તારના આવકના જાતીના દાખલા માટે તાલુકા પંચાયત મા જવુ પડે ત્યાર બાદ આ દાખલા માટે ફોટો પડવવા મામલતદાર ઓફીસમાં જવુ પડે.અને ફરી તાલુકા પંચાયત જવું પડે ત્યારે અરજદાર ને આ તાલુકા પંચાયત દુર જવાના કારણે ખુબ મુશ્કેલીઓ પડશે.



યોગ્ય વાહનવ્યવહારના અભાવે લોકોને ના છુટકે ખાનગી વાહનોનો ઉપયોગ કરવો પડશે જેના કારણે આર્થીક નુકશાની થશે.તાલુકા સેવા સદનનું નવુ બિલ્ડીંગ બનાવવાનું આયોજન છે તે તાલુકાની એક સાઈડના સનખડા, ગાંગડા, ભાચા, સૈયદરાજપરા, નવાબંદર, ખાપટ જેવા ગામડાઓને ખુબ જ દુર પડશે.જેના કારણે અરજદારોને ખુબ મુશ્કેલીઓ પડશે.તો આપના દ્વારા આ લોકોના વિશાળ હીત માં તાલુકા સેવા સદન શહેરની મધ્યમાં મુળ જગ્યાએ અથવા શહેરની નજીક બનાવવમાં આવે તેવી માંગ ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ, મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજય, ગાંધીનગર, બચુભાઈ ખાબડ મંત્રી પંચાયત,જિલ્લા વિકાસ અધિકારી,કલેકટર ને પ્રાંત અધિકારી મારફત આવેદન પત્ર આપી અખિલ ભારતીય કોળી સમાજ ના મહામંત્રી રસિક ચાવડા, મોટા ડેસર ના સરપંચ પ્રતિનિધિ ભરત શિંગડ, કોળી સમાજ ના પાચાભાઈ દમણિયા વગેરે એ કરી છે.

# ખંભાળિયાના પાદરમાં રૂા.૨૫.૬૫ કરોડના ખર્ચે બનશે નવો ફલાયર ઓવર બ્રિજ : તંત્ર દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૫

ખંભાળિયા શહેરમાં પોરબંદર તરફથી આવતા માર્ગ પરનો આશરે ૧૨૦ વર્ષ જૂનો કેનેડી બ્રિજ કે જે થોડા સમય પૂર્વે તંત્ર દ્વારા અત્યંત જોખમી ગણાવી અને વાહનોની અવરજવર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. તે પુલને નવેસરથી બનાવવા માટે અહીંના ધારાસભ્યના પ્રયાસોથી રૂપિયા ૨૫.૬૫ કરોડની મંજૂરી સાંપળી છે. ખંભાળિયામાં પોરબંદર તથા ભાણવડ તરફથી આવવા તથા જવા માટે આશરે ૧૨૦ વર્ષ પૂર્વે પુલ બનાવવામાં આવ્યો હતો. અંગ્રેજોના સમયના આ કેનેડી બ્રિજની મજબૂતાઈ આશરે ૧૨૦ વર્ષ બરકરાર બાદ છેલ્લા કેટલાક સમયથી આ પુલ તદન ખખડી ગયેલી હાલતમાં ઊભો હતો. જે અંગે સુરતની એક સંસ્થા દ્વારા કરવામાં આવેલા સર્વે બાદ આ પુલને વાહનોની અવરજવર માટે જોખમી ગણાવીને જો લાંબો સમય ઉપયોગ કરવામાં આવશે તો ગમે ત્યારે જીવલેણ દુર્ઘટના સર્જાવવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

આના અનુસંધાને જિલ્લા કલેકટરે એક જાહેરનામું બહાર પાડી અને આ પુલ વાહનચાલકો તેમજ રાહદારીઓની અવરજવર માટે સંપૂર્ણપણે પ્રતિબંધિત કરી અને પુલની બંને બાજુથી પ્રવેશ બંધી કરી દેવામાં આવી હતી. અહીંના પ્રાચીન એવા ખામનાથ મહાદેવ મંદિર નજીક આવેલો આ પુલ આસપાસના રહીશો ઉપરાંત



મંદિરે આવતા જતા શિવભક્તો ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોના લોકો માટે ખૂબ જ મહત્વપૂર્ણ બની રહ્યો છે. ત્યારે આ પુલને નવેસરથી અને વધુ પહોળાઈવાળો બનાવવામાં આવે તે માટે લોકોમાં ઉઠેલી માંગને ધ્યાને લઈ અને અહીંના ધારાસભ્ય તથા કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ સરકારના સંબંધિત વિભાગમાં જાણ કરતા આ કેનેડી બ્રિજના સ્થાને રૂપિયા ૨૫.૬૫ કરોડના ખર્ચે નવેસરથી ફલાય ઓવર બ્રિજ બનાવવા માટેની મંજૂરી મળી છે.

સમયાંતરે આ બ્રિજ માટે સાંસદ પૂનમબેન માડમ તથા જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીએ પણ પ્રયાસો કર્યા હતા. આ અંગેની ટેન્ડર પ્રક્રિયા તેમજ ખાત મુહૂર્તની વિધિ નજીકના ભવિષ્યમાં થનાર હોવાનું પણ જાણવા મળેલ છે. આ ફલાયર ઓવર બ્રિજના નિર્માણથી પોરબંદર, ભાણવડ તરફના વાહન ચાલકો ઉપરાંત આસપાસના રહીશો તેમજ ખામનાથ મંદિરના શિવ ભક્તોને ભારે અનુકૂળતા તેમજ રાહત બની રહેશે.

# પ્રભાસ પાટણ પોલીસે રૂા.૧,૧૫,૦૦૦ના ૮ મોબાઈલ શોધી કાઢી મુળ માલીકોને પરત અપાવ્યા

(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૫

જુનાગઢ રેન્જ ડી.આઈ.જી.પી. નિલેશ જાંજડીયા તથા ગીર સોમનાથ જીલ્લાના પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગાર તથા પો.ઈન્સ. વી.એ.ચારણ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનની સુચનાથી હાલના સમયમાં જાહેર જનતાના તેમજ સોમનાથ મંદિરે આવતા દર્શનાર્થીઓના મોબાઈલો ગુમ થવાના કે પડી જવાના અથવા ખોવાઈ જવાના બનાવો વધુ પ્રમાણમાં બનતા હોય જે અન્વયે જરૂરી કાર્યવાહી કરી અરજદારોને તેમના મોબાઈલ ફોન પરત અપાવવા બાબતે સુચના થઈ આવેલ જે અન્વયે



પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. વી.એ.ચારણના માર્ગદર્શન હેઠળ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં કોઈ જગ્યાએ મોબાઈલ કે ફોન ગુમ થવાના કે ખોવાઈ જવાના કે પડી જવાના બનાવો બનેલ હોય જે બાબતે અંગત રસ લઈ પો.સબ.ઈન્સ. એમ.કે .મોવલીયા તથા એ.એસ.આઈ. હિરેનભાઈ રામસીંગભાઈ પો.હેડ.કોન્સ. અરજણભાઈ મેસુરભાઈ તથા વિપુલભાઈ અમૃતભાઈ તથા પો.કોન્સ. પિયુષભાઈ કાનાભાઈ તથા કરણસિંહ બાબુભાઈ તથા સુભાષભાઈ માંડાભાઈ તથા કૈલાસસિંહ જેસાભાઈ તથા મહેન્દ્રભાઈ બાબુભાઈ તથા કૃષ્ણકુમારસિંહ કરણસિંહ તથા સુનીલભાઈ કેશવભાઈ તથા વુ.પો.કોન્સ કંચનબેન દેવાભાઈએ આધુનીક ટેકનોલોજીનો ઉપયોગ કરી અલગ-અલગ કંપનીઓના એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ-૦૮ કુલ કિ.રૂ.૧,૧૫,૦૦૦/-ના શોધી કાઢી સદર મોબાઈલ ફોન જે-તે સ્થિતીમાં અરજદારોને પરત સોંપી આપી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.તેમજ આ કામગીરીમાં ના.પો.અધિ.શ્રીની કચેરીના એ.એસ.આઈ. જયદિપભાઈ રાઠોડે ટેકનીકલ માર્ગદર્શન પુરૂ પાડેલ છે.

# દ્વારકા તાલુકાના ધ્રાસણવેલ ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકાના ધ્રાસણવેલ ગામ ખાતે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" યોજાઈ હતી. વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવતા બાળાઓ દ્વારા તિલક કરીને રથનું સ્વાગત કરાયું હતું. તેમજ લાભાર્થીઓને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો પણ લાભ આપવામાં આવ્યો હતો.




કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓનો લાભ અને માહિતી આમ જનતા સુધી મળે તેવા આશય સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"ના રથના પરિભ્રમણની સાથે સાથે ગામડે ગામડે કાર્યક્રમો યોજાઈ રહ્યા છે અને જેમાં પાત્રતા ધરાવતા નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ આપવામા આવ્યો હતો. જેના ભાગરૂપે દ્વારકા તાલુકાના ધ્રાસણવેલ ગામ ખાતે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જેમા લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળના આયુષ્માન કાર્ડ, ઉજ્જવલા યોજના સહિતની યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. લાભાર્થીઓએ "મેરી કહાની, મેરી જુબાની" થીમ હેઠળ પોતાને મળેલા યોજનાકીય લાભો વિશેના પ્રતિભાવો રજૂ કર્યા હતા.

આ કાર્યક્રમમાં ગ્રામજનોએ રથના માધ્યમથી વિકાસની ઝાંખી રજૂ કરતી ફિલ્મ પણ નિહાળી હતી અને આરોગ્ય કેમ્પનો પણ ગ્રામજનોએ લાભ લીધો હતો. કાર્યક્રમનાં અંતે 'વિકસિત ભારત' માટે પ્રતિજ્ઞા લીધી હતી.

# ખંભાળિયામાં તાલુકા કક્ષાના કલા મહાકુંભની ભરતનાટ્યમ સ્પર્ધામાં પ્રથમ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

ખંભાળિયા ખાતે તાલુકા કક્ષાના કલા મહાકુંભ ૨૦૨૩/૨૪ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અહીંની એસ.એન.ડી.ટી. - દત્તાણી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી દર્શાંગી હેમંતભાઈ કણઝારીયાએ ભરતનાટ્યમ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ નંબર મેળવી શાળા અને પરિવારનું નામ રોશન કર્યું છે.

### જૂનાગઢ તાલુકાના વડાલ-કાથરોટા રોડ ઉપર

# પુષ્ટિસંસ્કારધામના શિલાન્યાસ મહોત્સવની ઉજવણી

## ગીર ગૌસંવર્ધન, સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ફુલ અને ઔષધીય છોડનું પ્રદર્શન કરાયું : મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉમટી પડયા









(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢના વડાલ-કાથરોટા રોડ ઉપર આવેલા પુષ્ટી સંસ્કારધામ ખાતે ગઈકાલથી સાત દિવસીય શિલાન્યાસ મહોત્સવ ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ૧૨૫ વિઘા જમીનમાં આયોજીત આ મહોત્સવમાં પ્રથમ દિવસે મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉમટી પડયા હતા અને ભારે ઉત્સાહ અને ભાવપુર્વક કાર્યક્રમોમાં હાજરી આપી હતી. ધર્મભૂમિ સોરઠમાં જાણે સનાતન ધર્મ માટે સોનાનો સુરજ ઉગ્યો. પ્રભાતથી ભાવિકોના ઘોડાપૂર વડાલ-કાથરોટા રોડ ઉમટ્યા હતા. પ્રથમ દિવસે જ અંદાજે ૫૧,૦૦૦ જેટલા વૈષ્ણવો પુષ્ટિસંસ્કારધામ ખાતે અનેરા અવસરના સાક્ષી બનવા આવી ચૂક્યા છે. આ મહોત્સવના મહત્વના ભાગરૂપ વિવિધ પ્રદર્શનનીનું વિમોચન શ્રી પીયૂષબાવાશ્રી તથા આચાર્ય પરિવાર દ્વારા કરવામાં આવ્યું ત્યારે ઉપસ્થિત જન મેદનીએ હર્ષોલ્લાસથી વધાવી લીધેલ. આ પ્રદર્શનોમાં અદ્યતન એઆઈ ટેકનોલોજીથી લઈ થ્રીડી વોકથ્રુ દ્વારા મળતી જ્ઞાન-માહિતી અંગે નવી પેઢીને પણ રસ પડી રહ્યો છે, તો સાથોસાથ કૃષિ, ગોપાલક વિગેરે વિભાગોમાં ગ્રામ્ય ઉપરાંત શહેરી જૂથોએ પણ રસ દાખવેલ. સાંજે ચાર વાગ્યાથી મુખ્ય ઉપક્રમ શિલાન્યાસ વિધિની શરૂઆત આચાર્યશ્રી પરિવારના નેજા હેઠળ થઈ. અનેક સહયોગી પરિવારોએ આ અમૃતવિધિ નો લાભ લીધો ત્યારે, પેઢી દર પેઢી સદીઓ સુધી વિસ્તારનાર આ પ્રોજેક્ટનો હિસ્સો બનવા માટે ગર્વ સાથે કૃતજ્ઞાતાની લાગણી અનુભવી. આ આયોજનનાં દ્વિતીય ચરણમાં વલ્લભકુળના આચાર્ય પરિવારો સહ શ્રીવ્રજવલ્લભબાવાશ્રી-શ્રીપુણ્યશ્લોકબાવાશ્રીએ દીપ પ્રાગટ્યના અવસરે ઉપસ્થિત રહેલ. પૂજ્ય ગોસ્વામી શ્રીપીયૂષ બાવાશ્રીના આશીર્વચનો બાદ આ વિશાળતમ સંકુલના દાનવીર સહયોગીઓ અને વિશિષ્ટ સહયોગીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તો સાથે નકશા ઉપરથી વાસ્તવિક રીતે આ પ્રોજેક્ટ ચરિતાર્થ કરવા માટે આર્કિટેક્ટ ટીમને સન્માનિત કરાઈ હતી. લોકોની આતુરતા સાથે ભજ ગોવિંદમ-ભરતનાટ્યમની અદભુત પ્રસ્તુતિ 'શ્રી મુદ્રાલયા રેપર્ટરી ગ્રુપ' ચેન્નઈથી ખાસ પધારેલ ટીમ દ્વારા થઈ હતી. આ કૃતિનો કન્સેપ્ટ તથા કોરિયોગ્રાફી કરનાર ડોક્ટર લક્ષ્મી રામાસ્વામી અને તેમના સાથીદારો કાઠીયાવાડી આગતા-સ્વાગતા અને ભોજન સ્વાદથી અભિભૂત થયેલ. આ તકે સહયોગીઓ અને પધારેલ લાખો ભાવીકોએ ફેઝ-વનમાં થયેલ કાર્યો નિહાળી અને આવતા ફેઝમા થનાર પ્રોજેક્ટની થ્રીડી ઝલક મેળવી ધન્યતા અનુભવી હતી. હજારો કાર્યકર્તાઓની સમર્પિત મહેનતથી લાખો ભાવિકોએ પ્રસાદ લઈ વિશ્રામ લીધો ત્યારે વધુ એક કૃતિ 'મધુરાધીપતે અખીલમ'નું ગાન જાણે મનમાં ચાલી રહ્યું હતું.


## જૂનાગઢની બજારમાં આંબળાનું વેંચાણ



જૂનાગઢ તા.૧૫

હાલ શિયાળો શરૂ થયો છે અને વિટામી 'સી'થી ભરપુર એવા આંબળાનું ધુમ વેંચાણ થઈ રહ્યું છે. આંબળા અનેક રીતે ઉપયોગી છે. આમળાથી શરીરમાં રોગપ્રતિકારક શકિત વધે છે. સુગર લેવલ જળવાય છે. આંખો તંદુરસ્ત રહે છે. યાદશકિત અને મગજને પણ ફાયદાકારક છે. હાઈપરટેન્શનમાંથી મુકિત અપાવતા આંબળા પાંચનતંત્ર માટે પણ લાભદાયી છે. શરીરનું વજન ઘટાડવાથી માંડીને વાળનું કદ વધારવા તથા આંખોને સ્વસ્થ રાખવા તેમજ ચામડીને ચમકતી રાખવા માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. આંબળાનો જયુસ, ચુર્ણ, કેન્ડી પણ બનાવવામાં આવે છે. હાલ અમદાવાદ પંથકમાંથી આંમળાની આવક શરૂ થઈ છે. બજારમાં હાલ ૫૦ રૂપીયા કિલો લેખે આમળાનું વેંચાણ થઈ રહ્યું છે. ગૃહિણીઓ વર્ષભર માટે મુખવાસ તેમજ અથાણું બનાવવા માટે આમળાની ખરીદી કરી રહી છે.


હાર્દિક શુભેચ્છા.....




લેઈડ વ્યુ કોમ્પલેક્ષ, તળાવ દરવાજા, જૂનાગઢ. મો. ૯૮૨૪૨ ૩૬૧૬૩

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

નક્ષત્ર – જ્યોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ૐ નેચર કયોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

